## ધારી ગીર (પૂર્વ) વન વિભાગનાં નાયબ વન સરંક્ષકનાં માર્ગદર્શનતળે સપાટો

# જસાધાર રેન્જમાં ગેરકાયદેસર રીતે થતી લાકડાની ચોરી ઝડપાઈ

**નાળિયા માંડવીનાં સરપંચની જાગૃકતાથી વન વિભાગને સચોટ બાતમી મળી**

**લાકડા ભરેલ ટ્રક નં. જી.જે.–૩૨ ટી–૫૪૧૧ને ઝડપી લેવામાં આવ્યો**

**ટ્રકનાં ચાલક અને માલિક વિરૂધ્ધ ધોરણસર કાર્યવાહી શરૂ કરાઈ**

**નાયબ વન સંરક્ષક વિકાસ યાદવ વન વિસ્તારમાં થતી ગેરકાયદેસર પ્રવૃતિ ડામવા મક્કમ**



તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના







ઉના, તા. ૧૭

ગીર (પૂર્વ) વનવિભાગના ધારી ડિવિઝન હેઠળ ગેરકાયદેસર પ્રવૃત્તિઓ સામે ચાલી રહેલા સઘન નાઈટ પેટ્રોલિંગ અને કોમ્બિંગ દરમિયાન વન વિભાગને મહત્વની સફળતા મળી છે. નાળિયા માંડવી ગામના સરપંચની સતર્કતાના આધારે ગેરકાયદેસર રીતે લાકડાનું પરિવહન કરતા ટ્રકને ઝડપી પાડી લાકડાનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે.

નાયબ વન સંરક્ષક વિકાસ યાદવના માર્ગદર્શન અને મદદનીશ વન સંરક્ષક કપિલ ભાટિયાની સૂચના મુજબ જસાધાર રેન્જમાં ગેરકાયદેસર સિંહ દર્શન, લાકડાની ચોરી અને જંગલ વિસ્તારમાં થતી ગેરપ્રવૃત્તિઓ સામે સતત કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. દરમિયાન નવાબંદર રાઉન્ડના ફોરેસ્ટર જે.સી. બાંભણિયાને નાળિયા માંડવી ગામના સરપંચ રફિકભાઈ ઈસમાઈલભાઈ સુમરા દ્વારા ટ્રકમાં ગેરકાયદેસર લાકડાં લઈ જવામાં આવી રહ્યા હોવાની બાતમી મળતા વન વિભાગની ટીમે તાત્કાલિક સ્થળ પર પહોંચી ટ્રક નંબર જી.જે.–૩૨ ટી–૫૪૧૧ને ઝડપી પાડી તપાસ હાથ ધરી હતી.

તપાસ દરમિયાન ટ્રકમાં ભરેલો લાકડાનો જથ્થો કબજે લેવામાં આવ્યો હતો. પ્રાથમિક તપાસમાં ટ્રકના ચાલક તરીકે ટીંબી ગામના મહમદ યુસુફ સરવૈયાનું નામ સામે આવ્યું છે, જયારે વાહન માલિક તરીકે વરસીંગપુરના ગોપાલ પાંચાભાઈ બાંભણિયાનું નામ બહાર આવ્યું છે.

સ્થાનિક સૂત્રોના જણાવ્યા મુજબ ગોપાલ પાંચાભાઈ બાંભણિયા ઉના તાલુકાના વિવિધ ગામોમાં મજૂરો મારફતે ગેરકાયદેસર લાકડાનું કટીંગ કરાવી અન્ય જિલ્લાઓમાં સપ્લાય કરતા હોવાની ચર્ચા છે.

વન વિભાગે સમગ્ર મામલે વન કાયદા હેઠળ કાર્યવાહી શરૂ કરી છે. લાકડા કયાંથી કાપવામાં આવ્યા, તેમાં અન્ય કોણ–કોણ સંડોવાયેલા છે તેમજ સમગ્ર સપ્લાય નેટવર્ક સુધી પહોંચવા માટે તપાસ તેજ કરવામાં આવી છે. વિભાગે સ્પષ્ટ કર્યુ છે કે તપાસમાં જે કોઈ દોષિત સાબિત થશે તેની સામે કડક કાનૂની કાર્યવાહી કરવામાં આવશે.

સાથે જવન વિભાગે જનતાને અપીલ કરી છે કે જંગલ વિસ્તારમાં ગેરકાયદેસર લાકડાંનું કટીંગ, પરિવહન અથવા અન્ય કોઈ શંકાસ્પદ પ્રવૃત્તિ નજરે પડે તો તાત્કાલિક નજીકની વન કચેરીને જાણ કરે. વન્ય સંપત્તિ અને વન્ય જીવોના સંરક્ષણમાં જન સહભાગિતા અત્યંત જરૂરી હોવાનું વિભાગે જણાવ્યું છે.

## એસપીનાં માર્ગદર્શનતળે સ્થાનિક પોલીસનો સપાટો

# રાજુલા તથા હિંડોરણા વિસ્તારમાં ટ્રકમાંથી થયેલ બેટરી ચોરીનો ભેદ ઉકેલાયો

**૩ આરોપી વિરૂધ્ધ કાર્યવાહી શરૂ કરાઈ**



અમરેલી, તા. ૧૭

ગત તા.૧૩ના રાત્રીના ૧૨ વાગ્યાથી તા.૧૪ના સવારના ૧૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન રાજુલા તાલુકાના હીડોરંણા ગામ આવેલ હાઈવે ઉપર રોડની સાઈડમા પાર્ક કરેલ ટ્રકોમાંથી કોઈક અજાણ્યા ચોર ઈસમો બેટરીની ચોરી કરી લઈ ગયેલ હોય, અને રાજુલા ટાઉન વિસ્તારમાંથી પણ વાહનોમાંથી બેટરીની ચોરીના બનાવ બનેલ હોય, અલગ અલગ વિસ્તારમાંથી કુલ ૧૨ નંગ બેટરીની કીમંત રૂપિયા ૭૮,૦૪૦ના મુદામાલ ચોરી થયેલ હતી. જે અંગે રાજુલા પોલિસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહીતાની કલમ ૩૦૩(૨) તથા ૫૪ મુજબનો ગુન્હો નોંધાયેલ હતો.

આ ગુન્હાને ગંભીરતાથી લઈ અમરેલી પોલીસ અધિક્ષક સંજય ખરાતએ ચોરીના ગુન્હાઓના આરોપીઓ શોધી કાઢી, તેમના વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરવા અને ગુન્હાઓનાં ભેદ ઉકેલવા સુચના આપેલ હતી. જેથી રાજુલા પોલિસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પે. વી.એમ. કોલાદરાએ ગુન્હાનો ભેદ ઉકેલવા રાજુલા પોલીસની અલગ અલગ ટીમો બનાવી અને તેમની સુચના અન્વયે સર્વેલન્સ ટીમ દ્વારા અલગ અલગ સી.સી.ટી.વી. કેમેરા તપાસવામાં આવેલ હતા. અને તેના આધારે શંકમદ ઈસમોની પુછપરછ પણ કરેલ હતી. અને વિસ પ્રોજેકટ અંતર્ગત લગાવવામા આવેલ સી.સી.ટી.વી. કેમેરા જોતા તેમાં એક શંકાસ્પદ કાળા કલરની નંબર પ્લેટ વગરની ફોર વ્હીલ ગાડી જોવામા આવેલ હતી. ફોરવ્હીલ ગાડીને અલગ અલગ એંગલથી જોતા અજાણ્યા ચોર ઈસમો આ ગાડીમાથી ઉતરી અને પાર્ક કરેલ ટ્રકમાંથી બેટરી ચોરી કરતા જોવા મળેલ હતા.

જેથી આ ફોર વ્હીલગાડી ગાડી અને ઈસમો બાબતે ટેકનીકલ તથા હ્યુમન સોર્સીસ આધારે તપાસ કરતા એક ઈસમ સાવરકુંડલાનો અખ્તર અબ્દુલકાદરભાઈ જીરૂકા હોવાનુ જાણવા મળેલ જેથી રાજુલા પોલીસ ટીમ દ્વારા આરોપીઓને પકડી પૂછપરછ કરી રાજકોટના તવક્કલ ચોક, શેરીનં–૩માં રહેતા અરમાન સુલેમાનભાઈ ડેલા તથા રાજુલામાં રહેતા જુબેરભાઈ સિકંદરભાઈ જીરૂકા નામના ઈસમોને પકડી પાડી અને ચોરી કરેલ તમામ બેટરી નંગ–૧૨ કીમત રૂપિયા ૭૮,૦૪૦ તથા ચોરીમા ઉપયોગ કરેલ કાર કીમત રૂપિયા ૩,૦૦,૦૦૦ મળી કુલ રૂપિયા ૩,૭૮,૦૪૦નો મુદામાલ કબ્જે કરી ગુન્હાનો ભેદ ઉકેલી નાંખ્યો હતો.

ઉપરોકત આરોપીઓ રાત્રીના ભેગા થઈ અને ફોર વ્હીલ ગાડીમાં આવી અને હાઈવે રોડ પર પાર્ક કરેલ મોટા વાહનો જેવા કે ટ્રક જેમાં લગાવેલ કીમંતી બેટરીઓને નીશાન બનાવી અને ટ્રકમાથી બેટરી કાઢી અને ફોર વ્હીલમાં બેટરી લઈ અને ચોરી કરી નાસી જઈ ગુન્હો આચરતા હતા.

## જિલ્લા સુવર્ણકાર સંઘ દ્વારા

# બાબરા શહેર સુવર્ણકાર સંઘનાં પ્રમુખ તરીકે પરેશભાઈ પાટડીયાની વરણી

**સ્થાનિક વેપારીઓમાં ખુશીનો માહોલ**



બાબરા, તા. ૧૭

બાબરા શહેરના સુવર્ણકાર સમાજ માટે ગૌરવની ક્ષણ સર્જાઈ છે. અમરેલી જિલ્લા સુવર્ણકાર સંઘમાં બાબરા શહેર સુવર્ણકાર સંઘના કન્વીનર તરીકે પરેશભાઈ પાટડીયાની બિનહરીફ વરણી થતાં શહેરના સોની વેપારીઓ તથા સમાજના આગેવાનોમાં આનંદ અને ઉત્સાહની લાગણી વ્યાપી ગઈ છે.

તેઓએ લાંબા સમયથી સુવર્ણકાર સમાજ અને વેપારી હિતના વિવિધ કાર્યો સાથે જોડાયેલા રહી સમાજના પ્રશ્નોને વાચા આપતા રહ્યા છે. તેમની નિષ્ઠા, સેવાભાવ અને સંગઠનાત્મક કાર્યશૈલીને ધ્યાનમાં રાખી તેમને આ મહત્વપૂર્ણ જવાબદારી સોંપવામાં આવી હોવાનું વેપારી વર્તુળ ોમાં ચર્ચાઈ રહ્યું છે.

તેમની વરણીને શહેરના અગ્રણી સોની વેપારીઓએ હર્ષભેર આવકારી શુભેચ્છાઓ પાઠવી હતી. જેમાં કાળુભાઈ માજન, અર્જુનભાઈ સોની, રવિભાઈ ચલ્લા, દીપકભાઈ ચોકસી, વિક્રમભાઈ સોની, બીપીનભાઈ સોની, અંતુંભાઈ માજન, સંજયભાઈ સોની, રાહુલભાઈ માજન, મિતેનભાઈ પાટડીયા સહિતના વેપારીઓએ પરેશભાઈને અભિનંદન આપી તેમના સફળ કાર્યકાળ માટે શુભકામનાઓ વ્યક્ત કરી હતી. આ પ્રસંગે વેપારીઓએ આશા વ્યક્ત કરી હતી કે તેઓના નેતૃત્વ હેઠળ બાબરા શહેરના સુવર્ણકારો અને સોની વેપારીઓના પ્રશ્નોનું યોગ્ય નિરાકરણ લાવવા તેમજ સમાજને વધુ સંગઠિત અને મજબૂત બનાવવા માટે અસરકારક કામગીરી હાથ ધરાશે. તેમની વરણીથી બાબરા શહેરના સુવર્ણકાર સમાજનું જિલ્લા કક્ષાએ પ્રતિનિધિત્વ વધુ મજબૂત બનશે તેવી લાગણી પણ વ્યક્ત કરવામાં આવી હતી.


તેઓની આ બિનહરીફ વરણીને સમાજની એકતા, વિશ્વાસ અને સંગઠન શક્તિનું પ્રતિક ગણાવી શહેરભરમાંથી તેમને શુભેચ્છાઓ મળી રહી છે.

## સ્થાનિક નગરસેવકોએ ચીફ ઓફિસરને રજૂઆત કરી

# અમરેલીનાં વોર્ડ–રમાં બિસ્માર બનેલ બિલ્ડીંગને સીલ કરવા માંગ કરાઈ

**સ્થાનિક વિસ્તારમાં ઉભા થયેલ ભયનો માહોલ દુર કરો**





અમરેલી, તા. ૧૭

અમરેલીમાં વોર્ડ નં.૨નાં નગરસેવકોએ ચીફ ઓફિસરને આવેદનપત્ર પાઠવેલ છે.

આવેદનપત્રમાં જણાવેલ છે કે, અમરેલી શહેર વોર્ડ નં–૨, ચિતલ રોડ પર આવેલ ૪૦ વર્ષથી પણ વધુ જૂનું અતિ જર્જરિત પરિમલ એપાર્ટમેન્ટ બિલ્ડીંગને તાત્કાલિક સીલ કરી જોખમી બિલ્ડીંગ જાહેર કરી સીલ કરવામાં આવે, મનુષ્યોની જીવની જાનહાનિ અટકાવવી જરૂરી છે.

અમરેલી શહેરની જનતા જનાર્દન તેમજ આ બિલ્ડીંગ પાસેના આડોશ પાડોશ સોસાયટીમાં રહેવાસીઓ યમુના પાર્ક, નાગનાથ સોસાયટી તેમજ આ વિસ્તારના વેપારી દુકાનદારો વતી જણાવવાનું કે, અમરેલી શહેરમા વોર્ડ નં–૨, ચિતલ રોડ પર આવેલ ''પરિમલ એપાર્ટમેન્ટ બિલ્ડીંગ'' હાલ અત્યંત જર્જરિત અને ખખડધજ હાલતમાં છે. બિલ્ડીંગના છૂટા પથ્થરના ભાગો પોપડા અને કાટમાળ વારંવાર આસપાસના ઘર અને એમના ફળિયા તેમજ રસ્તા પર પડે છે. આ રસ્તા પર સવાર–સાંજ સ્કૂલના બાળકો, વૃદ્ધો અને હજારો નાગરિકોની અવર–જવર ખૂબ રહે છે. લોકો ભયના ઓથારે રહી રહ્યા છે.

વધુમાં જણાવેલ છે કે, ગત એક વર્ષથી સ્થાનિક રહીશોએ વારંવાર મૌખિક–લેખિત રજૂઆત કરવા છતાં તંત્ર દ્વારા આજ સુધીમાં કોઈ નક્કર પગલાં લેવાયા નથી. આથી વોર્ડ નં–૨ ના વર્તમાન કોર્પોરેટર સભ્યો મીનાબેન રવિરાજભાઈ શેખવાના પતિ રવિરાજભાઈ શેખવા કે જેઓ લોકોની સુખાકારી માટે અને પ્રશ્નોને વાચા આપવા માટે હોંકારો કાર્યાલય ચલાવે છે ત્યાં વારવાર આ રજૂઆત લોકો કરતા હોય છે જેથી આ વોર્ડના સદસ્યો ત્યાં તાત્કાલિક સ્થળ પર પહોંચી અને નિરીક્ષણ કરેલ અને તંત્રને કાર્યવાહીની કરવા ધ્યાન કેન્દ્રિત કરેલ છે.

# અમરેલી : બ્રહ્માકુમારીઝ દ્વારા આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિત્તે વોક ફોર પીસ એન્ડ યોગા









બ્રહ્માકુમારીઝ સંસ્થા અમરેલી ખાતે ૨૧મી જુન આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિતે સમગ્ર ગુજરાતમા એક સાથે તમામ કેન્દ્રોમાં ૧૪ જુનના રોજ એક સાથે ગુજરાતના તમામ સેન્ટરોમાં વોક ફોર પીસ એન્ડ યોગા શાંતિ યાત્રાનું આયોજન કરવામાં આવેલ જેમા ૧૦૦`ત વસ્ત્રધારી ભાઈ બહેનોને યોગના જિલ્લા કો ઓર્ડિનેટર યોગ બોર્ડના સાગરભાઈ મહેતાએ લીલી ઝંડી બતાવી પ્રસ્થાન કરાવતા પોતાના સંદેશમાં જણાવેલમ કે યોગને જીવનની અમૂલ્ય સંપતિ ગણી સમાજમાં યોગ અને ધ્યાનના વ્યાપક પ્રસારણ માટે પ્રેરણા આપેલ. આ રેલી ગાંધીબાગથી ફોરવર્ડ સર્કલ નાગનાથ રાજકમલ ચોકથી પરત ગાંધીબાગ આવેલ જયા અમરેલી સેવા કેન્દ્રના મુખ્ય સંચાલિકા ગીતાદીદી શાંતિ યાત્રાનું નેતૃત્વ કરતા જણાવેલ કે યોગ માત્ર શરીરની કસરત નથી. પરંતુ મન બુધ્ધિ અને આત્માને પરમાત્મા સાથે જોડીને જીવનમાં શાંતિ, સુખ અને શકિતનો અનુભવ કરાવતું એક દિવ્ય સાધન છે. આજના તણાવભર્યા સમયમાં રાજયોગ ધ્યાન ધ્વારા વ્યકિત આંતરિક શાંતિ અને સકારાત્મકતા પ્રાપ્ત કરી શકે છે. તમામ ભાઈ બહેનોએ વિશાંતિ, માનવકલ્યાણ અને નશામુકત તણાવમુકત સમાજના નિર્માણ માટે શુભ સંકલ્પો કર્યા હતા. તેમ ફિલ્ડ રીપોટર બ્ર.કુ. આઈ.પી. બારડની યાદી જણાવે છે.

## શહેરી વિસ્તારમાં શ્વાન, આખલા અને ગીરકાંઠા વિસ્તારમાં સિંહ, દીપડાની રંજાડ

# અમરેલી જિલ્લામાં વન્ય પશુઓનાં હુમલામાં મૃત્યુની ૩ ઘટના

**જિલ્લાની ૧૫ લાખ જનતા માટે મોંઘવારી, બેરોજગારી, ભ્રષ્ટાચાર સહિતની સમસ્યા વચ્ચે નવી ઉપાધિ આવી**

**એક તરફ વિકસિત ગુજરાતની વાતો અને બીજી તરફ માનવ જીંદગી ઉપર સતત આફત વધી રહી છે**

**વન્ય પ્રાણીનાં હુમલા બાદ વન વિભાગ દ્વારા રાબેતા મુજબની કામગીરી શરૂ**

**જિલ્લામાં મજબુત નેતૃત્વનાં અભાવે જનતા જનાર્દન પરેશાન**

અમરેલી, તા. ૧૭

અમરેલી જિલ્લાનાં શહેરી વિસ્તારોમાં શ્વાન, આખલા અને ગીરકાંઠા સહિતનાં વિસ્તારમાં સિંહ, દીપડા જેવા વન્ય પ્રાણીઓથી ફફડાટ વચ્ચે જનતાને જીવવું કેમ તેવો વેધક પ્રશ્ન ઉપસ્થિત થઈ રહ્યો છે.

સાવરકુંડલા તાલુકાના જૂનાસાવર ગામના અઠવાડિયાથી લાપતા રહેલા ૬૨ વર્ષીય વૃદ્ધ ખેડૂત દિલીપભાઈ વાઘજીભાઈ દેસાઈના ગઈકાલે હાડકાં, ખોપડી અને કપડાં મળી આવતાં સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. તેમને વન્યપ્રાણીઓએ ફાડી ખાધા હોવાની આશંકા વચ્ચે વન વિભાગે અવશેષોને ફોરેન્સિક તપાસ માટે ભાવનગર મોકલી આપ્યા છે. એક જ અઠવાડિયામાં અમરેલી જિલ્લામાં વન્ય પશુઓ દ્વારા માનવ મૃત્યુની આવી ત્રીજી ઘટના સામે આવતાં લોકોમાં ભય અને ચિંતાનું વાતાવરણ સર્જાયું છે.



સાવરકુંડલા તાલુકાના જૂનાસાવર ગામના રહેવાસી અને ખેડૂત દિલીપભાઈ વાઘજીભાઈ દેસાઈ (ઉ.વ. ૬૨) છેલ્લા અઠવાડિયાથી રહસ્યમય રીતે લાપતા હતા તેમજ સ્થાનિક તંત્ર દ્વારા તેમની શોધખોળ હાથ ધરવામાં આવી હતી. દરમિયાન ગામની સીમ વિસ્તારમાંથી ખેડૂતના કપડાં, ખોપડી સહિતના હાડકાં મળી આવતાં ઘટનાએ ગંભીર વળાંક લીધો હતો.

પ્રાથમિક તપાસમાં મળેલા અવશેષો પરથી વન્ય પ્રાણીઓએ હુમલો કરી ફાડી ખાધા હોવાની આશંકા વ્યકત કરવામાં આવી રહી છે. જો કે મોતનું ચોક્કસ કારણ હજુ સુધી સ્પષ્ટ થઈ શકયું નથી. ઘટના સ્થળેથી મળેલા પુરાવાઓના આધારે વન વિભાગ અને પોલીસ દ્વારા વધુ તપાસ શરૂ કરવામાં આવી છે.

વન વિભાગના અધિકારીઓએ મૃતકના હાંડકા અને અન્ય અવશેષોને ફોરેન્સિક પોસ્ટમોર્ટમ માટે ભાવનગર મોકલી આપ્યા છે. ફોરેન્સિક રિપોર્ટ આવ્યા બાદ જ ખેડૂતનું મોત વન્ય પ્રાણીના હુમલાથી થયું હતું કે અન્ય કોઈ કારણસર થયું હતું તે અંગે સ્પષ્ટતા થઈ શકશે.

સ્થાનિક પોલીસમાં પણ જંગલી વન્યપ્રાણી દ્વારા હુમલો કરી ફાડી ખાધાની દિશામાં નોંધ કરવામાં આવી હોવાનું જાણવા મળી રહ્યું છે.

બીજી તરફ અમરેલી જિલ્લામાં છેલ્લા એક અઠવાડિયામાં માનવજીવનને ભોગ બનેલી વન્યપ્રાણી હુમલાની સતત સામે આવી રહેલી ઘટનાઓને પગલે ગ્રામ્ય વિસ્તારોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. આ બનાવમાં વન વિભાગે સમગ્ર મામલે સઘન તપાસ શરૂ કરી છે અને ફોરેન્સિક રિપોર્ટની રાહ જોવામાં આવી રહી છે. રિપોર્ટ બાદ જ આ મોત પાછળનું સાચું કારણ બહાર આવશે અને ઘટનાની હકીકત સ્પષ્ટ થઈ શકશે.

### ધાર્મિકજનોમાં નારાજગીનો માહોલ

## દામનગરમાં ધાર્મિક સ્થાન નજીક ગટરનાં ગંધાતા પાણીનો માહોલ

**પાલિકાના શાસકો યોગ્ય સફાઈ કરે તેવી માંગ**

દામનગર, તા. ૧૭

દામનગરના સત્તાધીશોની બેદરકારીથી વજનાથ મંદિર પાસેના નાળા નીચે અસહ્ય દુર્ગંધ મારતું ગટરનું પાણી અને કચરાથી રોગચાળો ફેલાવાની શકયતા.ગંદા પાણીના નિકાલ માટે વૈજનાથ મંદિર નજીકથી નીકળેલ ગટરની લાઈન કેટલાય દિવસોથી તૂટેલી હાલતમાં હોય આ પાણીનો નિકાલ થતો ન હોય અસહ્ય માથું ફાડી નાખે એવી દુર્ગંધને કારણે રોગચાળો ફેલાવાની પૂરેપૂરી શકયતા છે અને કચરાના થર જામેલા હોય દર્શન માટે આવતા દર્શનાર્થીઓ અને આસપાસના રહીશો માટે આ સમસ્યા થી ગંભીર પ્રશ્ન ઉભો



થયો છે, નગરપાલિકાના જવાબદાર લોકો આ સમસ્યાનો તાત્કાલીક અસરથી નિકાલ કરે એવી માંગ છે.

## ભૂરખીયા હનુમાનજીના મંદિરે આજે ૯૯મો વિનામૂલ્યે નેત્ર નિદાન કેમ્પ યોજાશે

અમરેલી, તા. ૧૭

લાઠી તાલુકાનાં ભૂરખીયા હનુમાનજી દાદાના મંદિરે આજે તા.૧૮/૬/૨૬ને ગુરૂવારના સવારના ૮થી બપોરનાં ૧૨ સુધી રમાબેન અનિલભાઈ પારેખ પરિવાર મુંબઈનાં આર્થિક સહયોગથી લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી), ભૂરખીયા મંદિર ટ્રસ્ટ અને સુદર્શન નેત્રાલય અમરેલીના સંયુકત ઉપક્રમે ૯૯મો વિનામૂલ્યે નેત્ર નિદાન કેમ્પ યોજાશે. જેમાં દર્દીઓની આંખની તપાસ કરાશે, મોતિયોના ઓપરેશનના દર્દીઓને વિનામૂલ્યે ઓપરેશન કરી અપાશે. તેમજ ચશ્માના નંબર રાહત ભાવે બનાવી આપશે. આધાર પુરાવા સાથે દર્દીઓએ સમયસર પહોંચી જવા આયોજકોએ અનુરોધ કરેલ છે.









































### G7 બેઠકમાં ગર્જ્યા અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ

# ઈરાન સાથે MoU ફાઇનલ નથી, જો પસંદ નહીં આવે તો અમે ફરીવાર કરીશું એટેક

## બંને દેશો તરફથી એવા સંકેતો મળ્યા હતા કે, કરાર પર સહમતિ બની રહી છે પરંતુ ટ્રમ્પે ફરી એકવાર પોતાના નિવેદનથી દુનિયાને ચોંકાવી દીધી છે

ફ્રાન્સ, તા.૧૭

મિડલ ઈસ્ટમાં છેલ્લા કેટલાક મહિનાઓથી ચાલી રહેલા ભારે તણાવ વચ્ચે અમેરિકા અને ઈરાન વચ્ચે શાંતિ કરારની વાતો સામે આવી રહી હતી. બંને દેશો તરફથી એવા સંકેતો મળ્યા હતા કે, કરાર પર સહમતિ બની રહી છે. પરંતુ આ દરમિયાન અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ફરી એકવાર પોતાના નિવેદનથી દુનિયાને ચોંકાવી દીધી છે. ફ્રાન્સમાં ચાલી રહેલી G7 સમિટ દરમિયાન તેમણે સ્પષ્ટ કર્યું છે કે, ઈરાન સાથે હજુ MoU ફાઈનલ થયા નથી, જો ડીલમાં કંઈ પસંદ નહીં આવે તો અમેરિકા ફરી હુમલો કરશે

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ હાલમાં G7 સમિટમાં ભાગ લેવા ફ્રાન્સની મુલાકાતે છે. સમિટ દરમિયાન મીડિયા સાથે વાત કરતા તેમણે ઈરાન સાથેના સંભવિત કરાર પર પોતાનું વલણ સ્પષ્ટ કર્યું. તેમણે દાવો કર્યો કે, અમે ઈરાનમાં બધું જ નષ્ટ કરી દીધું છે. ઈરાન સાથેનો MoU હજુ ફાઈનલ નથી. જો આ ડીલમાં મને કંઈપણ પસંદ નહીં આવે, તો અમે ઈરાન પર ફરીથી હુમલો કરીશું.

ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યું કે, ઈરાન સાથેની ડીલ અંગે વિગતવાર વાત કરવામાં આવશે. વૈશ્વિક બજાર આ ઈરાન ડીલથી ઘણું ખુશ છે. વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ ગણાતો હોર્મુઝ સ્ટ્રેટ (Strait of Hormuz) આગામી એક-બે દિવસમાં સંપૂર્ણપણે ખુલી જશે. આ માર્ગ અત્યારે પણ આંશિક રીતે ખુલ્લો જ છે, પરંતુ ટૂંક સમયમાં તે સામાન્ય થઈ જશે.

મહત્વનું છે કે આ ડીલની અસરના કારણે આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલની કિંમતો સતત ઘટી રહી છે. તેલના ભાવ ઘટવાથી લોકોની ખરીદશક્તિ પર સકારાત્મક અસર પડશે, અને કિંમતો યુદ્ધ પહેલાના સ્તર કરતા પણ નીચે જઈ શકે છે.

દરમિયાન, ફ્રાન્સના એવિયનમાં G-7 સમિટમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ હાજરી આપી હતી. સમિટના આઉટરીચ સત્ર દરમિયાન પીએમ મોદી અને યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ એકબીજાની બાજુમાં બેઠેલા જોવા મળ્યા હતા. ૧૬ મહિનામાં બંને નેતાઓ વચ્ચે આ પહેલી મુલાકાત હતી. જો કે, ટ્રમ્પની સામે PM મોદીએ નાવિકોની સુરક્ષાનો મુદ્દો ઊઠાવતા કહ્યું કે, ભારતીયોએ જીવ ગુમાવવા પડ્યા. G-7 સમિટને સંબોધતા પીએમ મોદીએ કહ્યું કે, આજનું વિશ્વ પહેલા કરતાં વધુ એકબીજા સાથે જોડાયેલું અને પરસ્પર નિર્ભર છે. કોઈ પણ દેશની ઉર્જા સુરક્ષા, ખાદ્ય સુરક્ષા, આરોગ્ય સુરક્ષા, સાયબર સુરક્ષા અને આર્થિક સમૃદ્ધિ તેની સરહદો સુધી મર્યાદિત નથી. ગતિશીલતા, ડેટા, મૂડી અને ટેકનોલોજી આ બધું આપણને જોડે છે. આવા સમયમાં ભાગીદારીનું મહત્ત્વ સ્વાભાવિક રીતે વધે છે, પરંતુ ભાગીદારી ત્યારે જ સફળ થાય છે જ્યારે વિશ્વાસ તેના મૂળમાં હોય છે. આજે, સૌથી મહત્ત્વપૂર્ણ વ્યૂહાત્મક સંપત્તિ ખનિજો, ટેકનોલોજીઓ કે બજારો નથી પરંતુ પરસ્પર વિશ્વાસ છે.

તેમણે વિશ્વાસ વ્યકત કર્યો કે, ટેકનોલોજી અને સપ્લાય ચેઈનનો ઉપયોગ શસ્ત્ર તરીકે નહીં, પણ વૈશ્વિક ભલા માટે થશે. વિકાસની તકો થોડા દેશો સુધી મર્યાદિત રહેશે નહીં. વૈશ્વિક સંસ્થાઓ બધા દેશોની આકાંક્ષાઓ પૂરી કરી શકશે.

### પત્રકાર પરિષદમાં અખિલેશ યાદવે સ્પષ્ટ કહ્યું

# ભાજપ સામે ટક્કર લેવી હોય, તો પક્ષમાં બહાદુર લોકોની ટીમ હોવી જરૂરી છે

## પત્રકાર પરિષદ દરમિયાન પોતાની પાર્ટીમાં પણ ભંગાણ પડવાની અટકળો પર અખિલેશે આકરો પ્રહાર કર્યો હતા

લખનૌ, તા.૧૭

મહારાષ્ટ્રમાં શિવસેના UBTમાં ચાલી રહેલી રાજકીય ઉથલપાથલ અને પક્ષમાં ભંગાણના દાવાઓ વચ્ચે સમાજવાદી પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ અખિલેશ યાદવે પૂર્વ મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેને એક મહત્વની સલાહ આપી છે. લખનઉ સ્થિત સપા મુખ્યાલય ખાતે યોજાયેલી પત્રકાર પરિષદમાં અખિલેશ યાદવે સ્પષ્ટ કહ્યું કે, જો ભાજપ સામે ટક્કર લેવી હોય, તો પક્ષમાં બહાદુર લોકોની ટીમ હોવી ખૂબ જ જરૂરી છે.

પત્રકાર પરિષદ દરમિયાન પોતાની પાર્ટીમાં પણ ભંગાણ પડવાની અટકળો પર અખિલેશ યાદવે આકરો પ્રહાર કર્યો હતો. તેમણે ઉત્તર પ્રદેશનું ઉદાહરણ આપતા કહ્યું કે, ભાજપે અગાઉ સપાના પણ ઘણા ધારાસભ્યો, MLC અને રાજ્યસભા સાંસદોને તોડ્યા હતા. લોકોનો શું સ્વાર્થ હશે, શું લાલચ હશે કે પછી કયો ડર હશે? જે ડરી જશે, તે પોતાનો પક્ષ છોડીને જતો જ રહેશે. જોકે, આવનારા સમયમાં ભાજપને સમાજવાદી પાર્ટીનો મોટો ડર સતાવી રહ્યો છે.કન્નૌજના સાંસદ અખિલેશ યાદવે અગાઉની પ્રેસ કોન્ફરન્સને યાદ કરતા મોટો દાવો કર્યો હતો. તેમણે જણાવ્યું કે, 'હવે હું ભારતીય જનતા પાર્ટીને તોડીશ નહીં અને તેમના ધારાસભ્યોને મારી પાર્ટીમાં લઈશ પણ નહીં. ભાજપ અત્યારે ભલે બીજાના પક્ષો તોડી રહી હોય અને સાંસદો છીનવી રહી હોય, પરંતુ યુપીમાં તેમના પોતાના જ ધારાસભ્યો પક્ષપલટો કરવાની તૈયારીઓ કરી રહ્યા છે. આ લોકો સમય આવ્યે જ પોતાના પત્તા ખોલશે, કારણ કે તેમનો કોઈ ભરોસો નથી.'અખિલેશ યાદવે દાવો કર્યો છે કે, સમાજવાદી પાર્ટી એક અત્યંત મજબૂત પક્ષ છે અને તેણે રાજકારણમાં ઘણા ઉતાર-ચઢાવ જોયા છે, તેથી સપા ભાજપ સામે મુકાબલો કરવા માટે પૂરી રીતે તૈયાર છે. અખિલેશનું આ નિવેદન એવા સમયે સામે આવ્યું છે, જ્યારે સુભાસપાના પ્રમુખ ઓપી રાજભર સતત એવો દાવો કરી રહ્યા છે કે આગામી દિવસોમાં સપામાં પણ મોટું ભંગાણ પડી શકે છે.

### ઉદ્ધવ જૂથની ખુલ્લી ચેતવણી

# જેને જવું હોય તે રાજીનામું આપી દે, પરંતુ અમે દગાખોરને છોડીશું નહીં

## ઉદ્ધવ ઠાકરેએ તેમને ચૂંટણી લડવા ટિકિટ આપી, પૈસા આપ્યા તેમ છતાં જો તેઓ બળવો કરશે તો મહારાષ્ટ્રની જનતા તેમને છોડશે નહીં

મુંબઈ, તા.૧૭

પ.બંગાળમાં મમતા બેનરજીની પાર્ટીમાં તોડફોડ બાદ હવે મહારાષ્ટ્રના રાજકારણમાં ભંગાણના અહેવાલ સામે આવ્યા છે. અહીં ઉદ્ધવ ઠાકરે જૂથની પાર્ટીના ૯ સાંસદોમાંથી ૬ સાંસદો બળવો પોકારે તેવી સ્થિતિ સર્જાઈ છે ત્યારે આ મામલે ઉદ્ધવ ઠાકરે (યુબીટી) પાર્ટી તરફથી સંજય રાઉતે એક પત્રકાર પરિષદને સંબોધતા બળવાખોરોને ખુલ્લા શબ્દોમાં ચેતવણી આપી દીધી છે. સંજય રાઉતે બળવાખોર સાંસદો સામે શરત મૂકી દીધી છે કે જો તેમણે પાર્ટી છોડીને જવું હોય તો જતા રહે અને રાજીનામુ આપી દે પરંતુ આ વખતે તેમને છોડવામાં નહીં આવે. ઉદ્ધવ ઠાકરેએ તેમને ચૂંટણી લડવા ટિકિટ આપી, પૈસા આપ્યા તેમ છતાં જો તેઓ બળવો કરશે તો મહારાષ્ટ્રની જનતા તેમને છોડશે નહીં. સંજય રાઉતે ગંભીર વલણ અપનાવતા ચેતવણી આપી છે કે, તમામ સાંસદોએ સાઈ બાબા, મા ભવાની અને પોતાની માતાના સમ ખાધા છે, તેમ છતાં જો હવે કોઈ પક્ષપલટો કે ગદ્દારી કરશે તો તેને છોડવામાં નહીં આવે. તેમણે ઉમેર્યું કે, તમામ સાંસદો ઉદ્ધવ ઠાકરેના નેતૃત્વમાં પક્ષના ચૂંટણી ચિહ્ન મશાલ પર જીતીને આવ્યા છે અને તેમના માટે પક્ષે વ્હીપ પણ જાહેર કર્યો છે. આ અંગે લોકસભા અધ્યક્ષ ઓમ બિરલાને પત્ર લખવામાં આવ્યો છે અને જો કોઈને પક્ષ છોડવો જ હોય તો તે સાંસદ પદેથી રાજીનામું આપીને જઈ શકે છે.યુબીટી (શિવસેના - ઉદ્ધવ બાળાસાહેબ ઠાકરે) પક્ષમાં બળવાની ચાલી રહેલી અટકળો વચ્ચે દિલ્હીમાં સાંસદ સંજય રાઉતે એક મહત્ત્વની પ્રેસ કોન્ફરન્સ યોજીને પક્ષના તમામ સાંસદો એકસાથે હોવાનો દાવો કર્યો છે. આ બેઠકને ઓપરેશન ટાઈગર ગણાવતા રાઉતે સ્પષ્ટ કર્યું કે, માતોશ્રી ખાતે યોજાયેલી બેઠકમાં ૫ સાંસદો રૂબરૂ હાજર હતા અને બાકીના સાંસદો વીડિયો કોન્ફરન્સના માધ્યમથી જોડાયા હતા. આ પ્રસંગે તેમની સાથે લોકસભાના નેતા અરવિંદ સાવંત અને ચીફ વ્હીપ અનિલ દેસાઈ સહિતના અગ્રણીઓ પણ હાજર રહ્યા હતા.

### ટેલિગ્રામ પર પ્રતિબંધથી રાહુલ ગાંધી ભડક્યા

# પેપર લીક રોકવાનો આ કોઈ ઉકેલ નથી : રાહુલ ગાંધી

## ટેલિગ્રામ બેન એ મોદી સરકારનો પેપર લીક રોકવાનો એક નવો નુસ્ખો છે, જેનો અર્થ એ થયો કે ચોરને પકડવાના બદલે પીડિતના ઘર પર તાળું મારી દેવું

નવી દિલ્હી,તા.૧૭

કેન્દ્ર સરકારે NEETની રી-એક્ઝામ યોજાય તે પહેલા સોશિયલ મીડિયા એપ ટેલિગ્રામ પર અસ્થાયી પ્રતિબંધ લગાવી દીધો છે. સરકારના આ નિર્ણય પર લોકસભામાં વિરોધ પક્ષના નેતા અને કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધી ગુસ્સે થયા છે. તેમણે આ પ્રતિબંધને આકરા શબ્દોમાં વખોડતા જણાવ્યું કે, ટેલિગ્રામ બેન એ મોદી સરકારનો પેપર લીક રોકવાનો એક નવો નુસ્ખો છે, જેનો અર્થ એ થયો કે ચોરને પકડવાના બદલે પીડિતના ઘર પર તાળું મારી દેવું.રાહુલ ગાંધીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર સરકાર સામે સવાલો ઉઠાવતા લખ્યું છે કે, 'લાખો વિદ્યાર્થીઓ વર્ષોથી ટેલિગ્રામ પર અભ્યાસ કરે છે, જેમાં તેઓ નોટ્સ, ટેસ્ટ સિરીઝ, ડિસ્કશન અને પરીક્ષાની તૈયારીઓ કરે છે. વિદ્યાર્થીઓ પાસેથી આ સુવિધા છીનવી લેવી તે પેપર લીકનો ઉકેલ કેવી રીતે હોઈ શકે? આ કોઈ ફૂલપ્રૂફ પ્લાન નથી, આ વાત દેશનો દરેક વિદ્યાર્થી અને પેપર લીક માફિયા પણ સારી રીતે જાણે છે. સરકાર આગામી પ્રતિબંધ કોની પર લગાવશે, WhatsApp ...h?'સરકારની આકરી ટીકા કરતા કોંગ્રેસ નેતાએ વધુમાં કહ્યું કે, 'પરીક્ષાના દિવસે વિદ્યાર્થીઓની કડક તપાસ કરવામાં આવશે, કાતરથી તેમના ખિસ્સા કાપવામાં આવશે અને પ્રશ્નપત્રો વાયુસેના દ્વારા મોકલવામાં આવશે. દેશમાં આવા દેખાડા કરવાની કોઈ કમી રાખવામાં આવશે નહીં, અસલી મૂળ પર એક પણ પ્રહાર કરવામાં આવશે નહીં. તેનું કારણ એ છે કે, પેપર લીક માફિયા આ સરકારની દેખરેખ હેઠળ જ ફૂલીફાલી રહ્યો છે અને દેશના યુવાનોને લોહીના આંસુ રડાવી રહ્યો છે.'રાહુલ ગાંધીએ સીધા વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર નિશાન સાધતા કહ્યું કે, 'મોદીજી હવે આવા દેખાડા કરવાનું છોડી દો. જો વાર કરવો જ હોય તો માફિયાઓ પર કરો, નિર્દોષ વિદ્યાર્થીઓ પર નહીં. દેશના વિદ્યાર્થીઓનો અવાજ સાંભળો, નહીંતર દેશનો યુવાન પોતાનો હક કેવી રીતે મેળવવો તે સારી રીતે જાણે છે.'બીજી તરફ, સરકારના આ આદેશ પર ટેલિગ્રામના ફાઉન્ડરે પોતાની પ્રતિક્રિયા આપી છે. તેમણે જણાવ્યું કે, ભારત સરકારે ટેલિગ્રામ પર ૧ અઠવાડિયા માટે પ્રતિબંધ મૂક્યો છે કારણ કે કેટલાક યુઝર્સે આ પ્લેટફોર્મ પર લીક થયેલા પરીક્ષાના પેપર શેર કર્યા હતા. આ નિર્ણયથી પેપર લીક કરનારા મુખ્ય દોષિતોના બદલે દેશના ૧૫ કરોડથી વધુ ટેલિગ્રામ યુઝર્સને સજા આપવામાં આવી રહી છે. આ બેન પછી પણ કશું અટક્યું નથી અને હવે અન્ય એપ્સ દ્વારા પેપર લીકની ઘટનાઓ સામે આવી રહી છે.આ વિવાદ વચ્ચે ટેલિગ્રામના CEO એ સ્પષ્ટતા કરતા કહ્યું કે, છેલ્લા કેટલાક અઠવાડિયામાં અમે એવા સેંકડો ચેનલ્સને પ્લેટફોર્મ પરથી હટાવી દીધા છે, જે પરીક્ષાનું મટિરિયલ અને તેને લગતા કૌભાંડો શેર કરી રહ્યા હતા. અમે એડિટેડ લેબલને પણ વધુ વિઝિબલ બનાવી રહ્યા છીએ જેથી બેકડેટીંગ સ્કેમને અટકાવી શકાય. ટેલિગ્રામને આ રીતે બેન કરવો, ભલે તે ટૂંકા સમય માટે હોય, તે સંપૂર્ણપણે ખોટો નિર્ણય છે.

### બ્રિજભૂષણે હવે મોટું નિવેદન આપતાં સ્વીકાર્યું

# દાન ચોરીના આરોપોમાં સચ્ચાઈ છે, કારણ કે કારણ વિના ધુમાડો નીકળતો નથી

## રામ મંદિર આંદોલન સાથે મારું લોહી વહેલું છેઃ પૂર્વ સાંસદ

અયોધ્યા, તા.૧૭

અયોધ્યાના ભવ્ય રામ મંદિરમાં દાનની ચોરીને લઈને ચાલી રહેલા વિવાદમાં હવે ભાજપના પૂર્વ સાંસદ બ્રિજભૂષણ શરણ સિંહ પણ ખુલ્લેઆમ મેદાનમાં આવી ગયા છે. શરૂઆતમાં આ મુદ્દે મૌન ધારણ કરનાર બ્રિજભૂષણે હવે મોટું નિવેદન આપતાં સ્વીકાર્યું છે કે દાન ચોરીના આરોપોમાં સચ્ચાઈ છે, કારણ કે કારણ વિના ધુમાડો નીકળતો નથી. તેમણે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું કે, જ્યારે અયોધ્યાના રામ ભક્તો જ ચોરીના આરોપ લગાવી રહ્યા હોય ત્યારે સરકારે તેને ગંભીરતાથી લેવું જોઈએ. આ મામલામાં તેમણે ઉત્તર પ્રદેશની યોગી સરકાર અને કેન્દ્રની મોદી સરકાર બંને પર નિશાન સાધતાં કહ્યું કે, હવે આંગળી માત્ર ટ્રસ્ટ તરફ નહીં, પરંતુ બંને સરકારો તરફ પણ ઊઠી રહી છે. જો કે, તેમણે રામ મંદિર નિર્માણ સમિતિના અધ્યક્ષ નૃપેન્દ્ર મિશ્રાને આ વિવાદમાં સંપૂર્ણપણે નિર્દોષ ગણાવીને ક્લિનચિટ આપી છે.નવાબગંજ સ્થિત પોતાના નિવાસસ્થાને મીડિયા સાથે વાત કરતાં બ્રિજભૂષણ શરણ સિંહે ભૂતકાળના દિવસો યાદ કર્યા હતા. તેમણે જણાવ્યું કે, મારું વિદ્યાર્થી જીવન અયોધ્યામાં જ વીત્યું છે અને હું રામ મંદિર આંદોલનમાં ખૂબ જ સક્રિય હતો. લાલકૃષ્ણ અડવાણી અયોધ્યા આવતા ત્યારે મને તેમની કાર ચલાવવાનો મોકો મળતો હતો. કારસેવકો પર જ્યારે ગોળીબાર થયો, તેના બે મહિના પહેલા જ મારી ધરપકડ કરી લેવાઈ હતી. એટલું જ નહીં, વિવાદિત માળખું તોડી પાડવાના કેસમાં જે ૪૦ લોકોને આરોપી બનાવાયા હતા, તેમાંથી સૌથી પહેલી ધરપકડ મારી થઈ હતી.આ દરમિયાન તેમણે એ સમયના આંદોલનના મુખ્ય ચહેરા ગણાતા વિનય કટિયારને યાદ કરતાં કહ્યું કે, તેઓ પછાત વર્ગના હોવાને કારણે આંદોલનના તમામ નેતાઓના લાડકા હતા.બ્રિજભૂષણ સિંહે જણાવ્યું કે, રામ મંદિર આંદોલન સાથે જોડાયેલા રામ ભક્ત સંતોષ દુબે જે સવાલો ઉઠાવી રહ્યા છે તે બિલકુલ સાચા છે. જો આંદોલનના પાયાના લોકો જ આવા સવાલો કરતા હોય, તો સરકારે આ બાબતને ગંભીરતાથી લેવી જોઈએ. રામ મંદિરના દાનમાં ચોરી થઈ હોવાની વાતમાં કંઈક ને કંઈક સચ્ચાઈ જરૂર છે, જેનાથી દેશભરના ભક્તોને મોટો ઝટકો લાગ્યો છે. તેમણે સ્પષ્ટ કર્યું કે આ ઝટકો વિનય કટિયાર કે મેં નથી આપ્યો, પણ ટ્રસ્ટના લોકોએ આપ્યો છે. જ્યારે શરૂઆતમાં મેં કહ્યું હતું કે 'જો હું બોલીશ તો મુશ્કેલીમાં મૂકાઈ જઈશ', ત્યારે લોકોએ મારી મજાક ઉડાવીને મને ડરપોક કહ્યો હતો. પરંતુ હવે આખો મામલો સરકારના હાથમાં છે અને મને પૂરી આશા છે કે બહુ જલ્દી દેશની જનતા સામે સાચું સત્ય આવી જશે.લોકસભા ચૂંટણીમાં અયોધ્યા અને તેની આસપાસની બેઠકો પર ભાજપની જે હાર થઈ, તેના પર સવાલ ઉઠાવતા બ્રિજભૂષણે પ્રશાસન સામે આક્રોશ ઠાલવ્યો હતો. તેમણે કહ્યું કે, 'જો કોઈ મારી પાસે આવે તો હું વિગતવાર સમજાવી શકું કે ભાજપ અહીં કેમ હારી ગયું. અયોધ્યાને જાણે એક જેલખાનું બનાવી દેવામાં આવ્યું હતું, જ્યાં ચારેય બાજુ બેરિકેડિંગ અને રસ્તાઓ પર મોટી દીવાલો ચણી દેવાઈ હતી. આ સુરક્ષા વ્યવસ્થાને કારણે સંતો-મહંતો સામાન્ય લોકો અને ભક્તોને મળી પણ શકતા ન હતા. ભારે વિરોધ થયો ત્યારે માંડ થોડા બેરિયર હટાવવામાં આવ્યા. અયોધ્યામાં જે કંઈ પણ થયું તે બિલકુલ સારું નથી થયું, અને હવે સરકારે આ આખા મામલાને ગંભીરતાથી લઈને કડક તેમજ નક્કર પગલાં ભરવા જોઈએ.

### ગુજરાત સરકારનો મોટો નિર્ણય

# ઉંદર પકડવાના ગ્લુ ટ્રેપ પર સંપૂર્ણ પ્રતિબંધ જાહેર કરાયો

## દેખાવમાં સામાન્ય લાગતા આ ચિપકતા ફંદા પ્રાણીઓ માટે અત્યંત પીડાદાયક સાબિત થતા હોવાનું માનવામાં આવે છે

ગાંધીનગર, તા.૧૭

પ્રાણી કલ્યાણ અને પ્રાણીઓ પ્રત્યેની ક્રૂરતા રોકવા માટે ગુજરાત સરકારે એક મહત્વપૂર્ણ અને કડક નિર્ણય લીધો છે. રાજ્ય સરકારે હવે ઉંદર અને અન્ય રોડન્ટ પકડવા માટે ઉપયોગમાં લેવાતા ગ્લુ ટ્રેપ પર સંપૂર્ણ પ્રતિબંધ જાહેર કર્યો છે. આ પ્રતિબંધ હેઠળ ગ્લુ ટ્રેપનું ઉત્પાદન, વેચાણ, સંગ્રહ તેમજ ઉપયોગ ચારેય બાબતો પર રોક લગાવવામાં આવી છે.વર્ષોથી ઘર, ઓફિસ, ગોડાઉન, ઉદ્યોગો અને વ્યાવસાયિક સંસ્થાઓમાં ઉંદરોને પકડવા માટે ગ્લુ ટ્રેપનો વ્યાપક ઉપયોગ થતો રહ્યો છે. દેખાવમાં સામાન્ય લાગતા આ ચિપકતા ફંદા પ્રાણીઓ માટે અત્યંત પીડાદાયક સાબિત થતા હોવાનું માનવામાં આવે છે. ગ્લુ ટ્રેપમાં ફસાયેલા ઉંદર કે અન્ય નાના પ્રાણીઓ લાંબા સમય સુધી બહાર નીકળી શકતા નથી. મુક્ત થવાના પ્રયાસમાં તેઓ ખુદને ગંભીર ઈજાઓ પહોંચાડે છે અને ઘણી વખત ભૂખ, તરસ, થાક અથવા અન્ય કારણોસર મૃત્યું પામે છે.રાજ્ય સરકારના ઠરાવમાં સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે, આવી પદ્ધતિ પ્રાણીઓ પ્રત્યેની ક્રૂરતા સમાન છે અને તેને રોકવા માટે હવે કડક પગલાં લેવામાં આવશે. આ નિર્ણય પ્રાણી કલ્યાણ સંબંધિત સંસ્થાઓ અને પ્રાણી અધિકાર માટે કાર્યરત સંગઠનો દ્વારા લાંબા સમયથી કરવામાં આવતી માંગણીઓની પૃષ્ઠભૂમિમાં લેવામાં આવ્યો હોવાનું માનવામાં આવે છે. આ પ્રતિબંધ અમલમાં આવ્યા બાદ હવે કોઈપણ વ્યક્તિ, વેપારી, ડીલર અથવા સંસ્થા ગ્લુ ટ્રેપનું ઉત્પાદન, વેચાણ અથવા ઉપયોગ કરશે તો તેની સામે કાયદેસરની કાર્યવાહી થઈ શકે છે. રાજ્ય સરકારે જિલ્લા સ્તરે સંબંધિત તંત્રને અમલવારી સુનિશ્ચિત કરવા સૂચના આપી છે. ખાસ કરીને જિલ્લા એસપીસીએ અને સ્થાનિક પોલીસ તંત્રને નિયમોના ભંગ અંગે કાર્યવાહી કરવાની સત્તા આપવામાં આવી છે.

આ નિર્ણયનો સૌથી વધુ પ્રભાવ પેસ્ટ કન્ટ્રોલ, હાર્ડવેર, કૃષિ સામગ્રી અને ઘરગથ્થુ ઉપયોગની વસ્તુઓ વેચતા વેપારીઓ પર પડી શકે છે. રાજ્યભરમાં મોટી સંખ્યામાં દુકાનોમાં ગ્લુ ટ્રેપ સરળતાથી ઉપલબ્ધ રહેતા હતા. હવે આ તમામ વેપારીઓએ સ્ટોક દૂર કરવો પડશે અને વૈકલ્પિક પદ્ધતિઓ અપનાવવી પડશે.

# G7માંથી બાકાત રાખ્યા બાદ ચીન બનાવશે પોતાનું આગવું ગ્રુપ

## ચીને એલાન કરી દીધું કે તે ગ્લોબલ ગ્રુપ બનાવવા જઈ રહ્યું છે, જેનું નામ ગ્લોબલ એઆઈ કો-ઓપરેશન ઓર્ગેનાઈઝેશન હશે

બીજિંગ, તા.૧૭

ફ્રાન્સમાં દુનિયાના સૌથી અમીર દેશોના સંગઠન G7 સમિટ ચાલી રહ્યું છે. આ મહા બેઠકમાં ચીનને આમંત્રણ આપવામાં નથી આવ્યું, જેના કારણે ચીન ગુસ્સાથી લાલ થઈ ગયું છે. શી ઝિનપિંગે ચૂપ રહેવાની જગ્યાએ અમેરિકા અને તેના અમીર સાથી દેશોને પછડાવા માટે એક મોટો માસ્ટરસ્ટ્રોક રમ્યો છે. જેવું S-7 ખતમ થયું, ચીને એલાન કરી દીધું કે તે ખુદ એક અલગ ગ્લોબલ ગ્રુપ બનાવવા જઈ રહ્યું છે, જેનું નામ ગ્લોબલ એઆઈ કો-ઓપરેશન ઓર્ગેનાઈઝેશન હશે. હવે સૌથી મોટો સવાલ એ છે કે આ નવા ગ્રુપમાં સામેલ થવા માટે ઝિનપિંગ આખરે કયા દેશોને આમંત્રણ મોકલી રહ્યું છે અને તેની પાછળનો ગેમપ્લાન શું હશે?ચીની વિદેશ મંત્રી વાંગ યીએ દુનિયાભરના પત્રકારો સામે સ્પષ્ટ કરી દીધું છે કે ચીન હવે આખી દુનિયાની કમાન પોતાના હાથમાં લેવાની તૈયારી કરી ચૂક્યું છે અને Global AI Cooperation Organization દ્વારા કેટલાય દેશો સાથે એક અલગ ગ્રુપ બનાવવા માગે છે.S7 સમિટમાંથી બહાર રાખ્યા બાદ ચીન સારી રીતે સમજી ગયું છે કે અમેરિકા અને યુરોપીય દેશ તેને ક્યારેય આગળ વધવા દેશે નહીં. આ જ કારણ છે કે ચીનના વિદેશ મંત્રી વાંગ યીએ સ્પષ્ટ શબ્દોમાં કહી દીધું છે કે ચીન આ નવા વૈશ્વિક સંગઠનને ખૂબ જ જલદી ઊભું કરી દેશે અને તેમાં સામેલ થવા માટે તમામનું સ્વાગત કરે છે.ગ્લોબલ સાઉથના દેશઃ ચીનનો સૌથી મોટો દાવ એ વિકસિત અને વિકાસશીલ દેશો પર છે, જે એશિયા, આફ્રિકા અને લેટિન અમેરિકામાં ફેલાયેલા છે. આ દેશોને પશ્ચિમ દેશોના ભરોસે છોડી મૂકવામાં આવે છે અને ચીન હવે તેને ટેકનિકની લાલચ આપી પોતાની સાથે લઈ રહ્યું છે.બ્રિક્સ અને એસસીઓના સાથીઃ ચીનના ટોપ આર્થિક નીતિ નિર્માતા ઝાઓ હૈબિંગે સ્પષ્ટ કર્યું છે કે બેઈજિંગ આ નવા ગ્રુપને મજબૂત કરવા માટે બ્રિક્સ દેશો અને શાંઘાઈ સહયોગ સંગઠનના મંચનો પૂરો ઉપયોગ કરશે. તેનો મતલબ છે કે આ ગ્રુપમાં રશિયા અને ઈરાન જેવા દેશ પણ ફ્રન્ટ સીટ પર દેખાશે.અમેરિકાથી નારાજ દેશોઃ જે દેશ અમેરિકી પ્રતિબંધો અથવા તેમની દાદાગીરીથી પરેશાન છે, ચીન તેમને આ એઆઈ ગ્રુપમાં સામેલ થવાનું ખુલ્લું આમંત્રણ આપે છે, જેથી અમેરિકા વિરુદ્ધ એક મજબૂત મોર્ચો ઊભો કરી શકે.ચીનના ગુસ્સા અને અચાનક કરવામાં આવેલા આ મોટા એલાન પાછળ હકીકતમાં અમેરિકાનો એક સિક્રેટ રિપોર્ટ છે, જેનાથી બેઈજિંગને બળતરા થઈ છે. S7 સમિટ દરમિયાન એક ગુપ્ત કૂટનીતિક રિપોર્ટ લીક થયો, જેમાં એ વાત સામે આવી છે કે અમેરિકા, બ્રિટન, ફ્રાન્સ, જર્મની, કેનેડા, ઈટલી અને જાપાન મળી એક બહુ મોટો ખેલ કરી રહ્યા છે.આ અમીર દેશ મળીને એક એવો પ્લાન બનાવી રહ્યા છે, જે અંતર્ગત અમેરિકામાં બનેલા સુપર એડવાન્સ્ડ આર્ટિફિશિયલ ઈન્ટેલિજેન્સ મોડલ્સનું એક્સેસ ખાલી તેમના અમુક વિશ્વાસુ પાર્ટનર્સને જ આપવામાં આવશે. એટલે કે અમેરિકા કૂટનીતિક રીતે દુનિયાને બે ભાગમાં વહેંચી રહ્યું છે, જ્યાં શાનદાર ટેકનિક પર ખાલી પશ્ચિમી દેશો અને તેમના ચમચાનો કબજો હશે. જ્યારે આ વાત S7ના બંધ રૂમમાંથી બહાર આવી તો ચીન ગુસ્સે થઈ ગયું અને તેણે તરત પોતાનું ખુદ આગવું ગ્રુપ બનાવવાનો નિર્ણય લઈ લીધો.

# બે-બે મંત્રીઓની હાજરીમાં વીજળી ગુલ, લોકોએ મોબાઈલ ફ્લેશ લાઈટ ચાલુ કરવી પડી

## કાર્યક્રમ શરૂ થવાની સાથે જ વીજ પુરવઠો સંપૂર્ણપણે ડૂલ થઈ ગયો હતો જેથી સરકારી તંત્ર દોડતું થઈ ગયું હતું

બનાસકાંઠા,તા.૧૭

રાજ્યમાં સરકારી કાર્યક્રમો અને વીજળી વિભાગના તાલમેલનો એક અજીબોગરીબ કિસ્સો બનાસકાંઠા જિલ્લાના પાલનપુરમાંથી સામે આવ્યો છે. પાલનપુર ખાતે બનાસકાંઠા ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ દ્વારા એક ભવ્ય 'વિકસિત ભારત સંકલ્પ સંમેલન'નું આયોજન કરવામાં આવ્યું હતું. એક તરફ સરકાર દેશ અને રાજ્યને અવિરત વીજળી અને વિકાસના પંથે લઈ જવાની વાતો કરે છે, પરંતુ આ જ વિકાસના સંમેલનમાં સરકારી તંત્રની પોલ ખુલી ગઈ હતી.કાર્યક્રમની શરુઆતમાં જ લાઈટ જતી રહી હતી, જેના કારણે હોલમાં હાજર તમામ લોકો આશ્ચર્યચકિત થઈ ગયા હતા. સૌથી મોટી વાત એ છે કે આ હાઈ-પ્રોફાઈલ કાર્યક્રમમાં રાજ્ય સરકારના બે-બે મંત્રીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. મંત્રીઓની ગરિમામય હાજરી હોવા છતાં, કાર્યક્રમ શરૂ થવાની સાથે જ વીજ પુરવઠો સંપૂર્ણપણે ડૂલ થઈ ગયો હતો જેથી સરકારી તંત્ર દોડતું થઈ ગયું હતું.જોકે, વીજળી લાંબા સમય સુધી ન આવતા કાર્યક્રમને રોકવાને બદલે અનોખો રસ્તો અપનાવવામાં આવ્યો હતો. હોલમાં હાજર કાર્યકર્તાઓ, વેપારીઓ અને સામાન્ય જનતાએ પોતપોતાના સ્માર્ટફોન બહાર કાઢ્યા હતા અને મોબાઈલની ફ્લેશ લાઈટ (ટોર્ચ) ચાલુ કરી દીધી હતી. સેંકડો મોબાઈલની ફ્લેશ લાઈટના અજવાળા વચ્ચે મંત્રીઓની હાજરીમાં કાર્યક્રમને આગળ ધપાવવો પડ્યો હતો.આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર ભારે વાયરલ થઈ રહ્યો છે. લોકો સવાલ ઉઠાવી રહ્યા છે કે જો મંત્રીઓની હાજરીવાળા 'વિકસિત ભારત સંમેલન'માં જ વીજળી ગુલ થઈ જતી હોય, તો સામાન્ય જનતાની સ્થિતિ શું હશે? આ ઘટના પાલનપુર અને સમગ્ર બનાસકાંઠા પંથકમાં ભારે ચર્ચાનો વિષય બની છે.

### ટોલ પ્લાઝા સિસ્ટમને અપગ્રેડ કરવાની તૈયારી

# ૨૦ કિમીની ત્રિજ્યામાં રહેતા લોકોને હવે વારંવાર નહીં ચૂકવવો પડે ટોલ

## આ પહેલ હેઠળ, ટોલ પ્લાઝાની નજીક રહેતા રહેવાસીઓ માટે ડિજિટલ ઇ-પાસ સેવા શરૂ કરવામાં આવી શકે છે

નવી દિલ્હી, તા.૧૭

દેશભરમાં ટોલ પ્લાઝા પર લાંબી કતારો અને વારંવાર ટોલ ચૂકવવાની ઝંઝટમાં રાહત મળવાની તૈયારી છે. કેન્દ્ર સરકાર ટોલ પ્લાઝા સિસ્ટમને અદ્યતન ટેકનોલોજી સાથે અપગ્રેડ કરવાની તૈયારી કરી રહી છે. આ પહેલ હેઠળ, ટોલ પ્લાઝાની નજીક રહેતા રહેવાસીઓ માટે ડિજિટલ ઈ-પાસ સેવા શરૂ કરવામાં આવી શકે છે, જેનાથી તેમને વારંવાર ટોલ ટેક્સ ચૂકવવાની જરૂરિયાત દૂર થઈ શકે છે.

સરકાર ટોલ વસૂલાતને ઝડપી, પારદર્શક અને સંપૂર્ણપણે ડિજિટલ બનાવવાનો હેતુ ધરાવે છે. અવરોધ-મુક્ત ટોલ સિસ્ટમ લાગુ કરવા માટે પ્રયાસો ઝડપી બનાવવામાં આવી રહ્યા છે. એકવાર આ નવી સિસ્ટમ અમલમાં આવી જાય, પછી વાહનોને ટોલ પ્લાઝા પર રોકાવાની જરૂર નહીં પડે, જેનાથી મુસાફરી વધુ સરળ બનશે.

સરકાર ટોલ પ્લાઝાની ૨૦ કિમીની ત્રિજ્યામાં રહેતા લોકો માટે ખાસ ડિજિટલ પાસ જારી કરવાની યોજના ધરાવે છે. આ પાસ સીધા FASTags સાથે જોડાયેલા હશે, જેનાથી સ્થાનિક રહેવાસીઓ કોઈપણ અવરોધ વિના ટોલ પ્લાઝામાંથી પસાર થઈ શકશે. માસિક અને વાર્ષિક પાસ ઉપલબ્ધ કરાવવામાં આવશે તેવી અપેક્ષા છે, અને જનતા માટે પોષણક્ષમતા સુનિશ્ચિત કરવા માટે કિંમત નક્કી કરવાનું વિચારી રહ્યું છે. આનાથી દરરોજ ટોલ પ્લાઝામાંથી પસાર થતા હજારો મુસાફરોને નોંધપાત્ર રાહત મળી શકે છે.

મલ્ટી-લેન ફ્રી-ફ્લો (MLFF) ટેકનોલોજી ટોલ પ્લાઝા પર પરંપરાગત અવરોધોની જરૂરિયાતને દૂર કરે છે. રસ્તા પર સ્થાપિત કેમેરા અને સેન્સર વાહનના FASTag વાંચે છે અને આપમેળે ટોલ ટેક્સ કાપે છે. આખી પ્રક્રિયામાં ફક્ત થોડીક સેકન્ડ લાગે છે, અને વાહનને રોકવાની જરૂર નથી. જો ટોલ ચુકવણી નિષ્ફળ જાય, તો સિસ્ટમ આપમેળે નોટિસ જારી કરી શકે છે. આ ટેકનોલોજીનો ઉદ્દેશ્ય ટ્રાફિક ભીડ ઘટાડવાનો અને મુસાફરીનો સમય બચાવવાનો છે. હાલમાં, આ સિસ્ટમ દેશભરના પસંદગીના ટોલ પ્લાઝા પર કાર્યરત છે, અને તેને મોટા પાયે વિસ્તૃત કરવાની તૈયારીઓ ચાલી રહી છે.

નવી સિસ્ટમ હેઠળ, ડિજિટલ પાસ અને FASTags ને એકીકૃત કરવામાં આવશે, અને સ્થાનિક રહેવાસીઓની પાત્રતા ડિજિટલ રીતે ચકાસવામાં આવશે. ત્યારબાદ, તેમને એક ખાસ પાસ જારી કરવામાં આવશે, જે નિયુક્ત ક્ષેત્રોમાં ટોલ પ્લાઝા દ્વારા સરળ હિલચાલને સક્ષમ બનાવશે. સરકાર માને છે કે આનાથી ટોલ નિયમોનું વધુ સારી રીતે પાલન થશે અને અનધિકૃત છૂટછાટો અથવા વિશેષાધિકારોના દુરુપયોગને રોકવામાં મદદ મળશે. વધુમાં, તે ટોલ વસૂલાત પ્રણાલીની પારદર્શિતામાં વધારો કરશે. સરકાર નજીકના ભવિષ્યમાં ઘણા નવા ટોલ પ્લાઝા પર MLFF સિસ્ટમ રજૂ કરવાની તૈયારી કરી રહી છે. હરિયાણા, રાજસ્થાન, ગુજરાત, દિલ્હી, મહારાષ્ટ્ર, તમિલનાડુ અને આંધ્રપ્રદેશ સહિત વિવિધ રાજ્યોમાં આ ટેકનોલોજી લાગુ કરવાની યોજનાઓ અમલમાં છે. આ પહેલ માટે મોટી સંખ્યામાં નવા પ્રોજેક્ટ્સ પર કામ શરૂ થઈ ગયું છે.નિષ્ણાતો માને છે કે આ પગલું દેશના હાઈવે નેટવર્કને વધુ આધુનિક બનાવશે. તે મુસાફરોનો સમય બચાવશે, ટ્રાફિક ભીડ ઘટાડશે અને ટોલ વસૂલાત પ્રક્રિયાની કાર્યક્ષમતામાં સુધારો કરશે.

## એસ.ટી.વિભાગમાં કંડકટરની ભરતીમાં ફર્સ્ટ એઈડ સર્ટિફિકેટ બાબતે

# ભાજપ અગ્રણી ડો.કાનાબારે કરેલ સૂચન સીએમ, ડેપ્યુટી સીએમ એ સ્વીકાર્યું

**તાજેતરમાં કંડકટરની ભરતી પ્રક્રિયા શરૂ હોય લાખો યુવકે નોકરી મળે તે પહેલા ફર્સ્ટ એઈડ સર્ટિફીકેટ લેવા દોડધામ કરે છે**

**અંદાજિત ૧૦૦ કરોડ જેવો ખર્ચ લાખો યુવકોને સર્ટિ મેળવવા કરવો પડે છે**


**જે યુવક પસંદગી પ્રક્રિયામાં પાસ થાય તેને જ સર્ટિ આપવું જોઈએ તેવું કરેલ સૂચન સ્વીકારાયું**


**ફર્સ્ટ એઈડ સર્ટિ અરજી કરવાની તારીખ પૂર્ણ થયા બાદ પણ મેળવી શકાશે તેવો નિર્ણય**

અમરેલી, તા. ૧૭

અમરેલી જિલ્લા ભાજપના પૂર્વ પ્રમુખ અને રાજય તેમજ સરકારમાં અવાર–નવાર સોશ્યલ મીડિયાના માધ્યમથી પત્ર કે ટેલીફોનિક જનહિતમાં રજુઆત કરતા ડો.ભરત કાનાબારે એસ.ટી.કંડકટરની ભરતી પ્રક્રિયા માટે જરૂરી ફર્સ્ટએઈડ સર્ટિફિકેટ અંગે સીએમઓ અને નાયબ મુખ્યમંત્રીને કરેલ રજુઆતનો સરકારે નિર્ણય કરતા રાજયનાં લાખો યુવકોમાં રાહતની લાગણી ફરી વળી છે.

વિગત એવા પ્રકારની છે કે એસ.ટી. કંડકટરની ભરતી પ્રક્રિયાના અરજી ફોર્મમાં ફર્સ્ટએઈડ સર્ટિફિકેટ જોડવું ફરજિયાત હોવાથી આ ભરતી પ્રક્રિયામાં જોડાવવા ઈચ્છતા લાખો બેરોજગાર યુવકોને ફર્સ્ટએઈડ







સર્ટિફિકેટ માટે જરૂરી ૧૬ કલાકની તાલીમ, અરજી ફોર્મ સહિત માટે અંદાજિત ૧૦૦ કરોડ રૂપિયા ખર્ચે કરવો પડે તેમ હોય આ બાબત ડો.કાનાબારને ધ્યાને આવેલ.આથી, તેઓએ સીએમઓમાં રજુઆત કરી અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી સાથે ટેલીફોનિક વાતચીત કરીને જણાવ્યું કે જે ઉમેદવારનું સિલેકશન થાય તેમને જ ૧૬ કલાકની તાલીમ લેવી જરૂરી કરીને અન્ય યુવકોને થતો ખર્ચ અટકાવવો જોઈએ.ડો. કાનાબારનું સૂચન મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રીએ સ્વીકારતા એસ.ટી.વિભાગની વડી કચેરીએ એક પરિપત્ર જાહેર કરેલ છે. જેમાં જણાવેલ છે કે,ગુજરાત એસ.ટી. નિગમ દ્વારા કંડકટર કક્ષામાં ભરતી માટે જાહેરાત પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. જે જાહેરાતમાં કંડકટર લાયસન્સની વિગત જેવી કે RTO APPROVED BASE NO, CONDUCTOR LICENCE NO, CONDUCTOR LICENCE DATA & VALID UP TO જેવા ફિલ્ડમાં વિગતો ભરવી મરજીયાત (વૈકલ્પિક ) છે.વધુમાં સ્પષ્ટતા કરવામાં આવે છે. "ઉમેદવારે અરજીપત્રકમાં કંડકટર લાયસન્સ, બેઝ ની ઉપરોકત વિગતો દર્શાવવી ફરજીયાત નથી. કંડકટર લાયન્સ, બેઝ, ફર્સ્ટ એઈડ સર્ટિફિકેટ જાહેરાત, અરજી કરવાની તારીખ પુર્ણ થયા બાદ પણ મેળવી શકાશે તથા આ વેલીડ કંડકટર લાયસન્સ, બેઝ દસ્તાવેજ ચકાસણી સમયે અચૂકપણે રજુ કરવાનું રહેશે.

---

### રોજગાર વિનિમય કચેરી દ્વારા

## રાજુલા ખાતે આઈ.ટી.આઈ.નાં સહયોગથી ભરતી મેળો યોજાયો

**૧૫ થી ૨૨ હજારનાં વેતન સાથે રોજગારની તક**

અમરેલી, તા. ૧૭

અમરેલી જિલ્લા રોજગાર વિનિમય કચેરી અને ઔદ્યોગિક તાલીમ સંસ્થા (આઈ.ટી.આઈ.) રાજુલાના સંયુકત ઉપક્રમે તા. ૧૬ જૂન, ૨૦૨૬ના રોજ રોજગાર ભરતી મેળાનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. ભરતી મેળામાં વિવિધ અગ્રણી ઉદ્યોગો અને કંપનીઓએ ભાગ લઈ યુવાનોને રોજગારની ઉત્તમતકો ઉપલબ્ધ કરાવી હતી.





ભરતી મેળામાં Quess Corp (ટાટા મોટર્સ), સાણંદ, સ્વાન ડીફેન્ડ એન્ડ હેવી ઈન્ડસ્ટ્રીઝ પીપાવાવ, CIE Automotive પ્રા.લિ., શાપર–વેરાવળ, AIM Ltd, ભાવનગર તેમજ LIC, રાજુલા સહિત કુલ ૬ પ્રતિષ્ઠિત કંપનીઓ જોડાઈ હતી. મેળામાં કુલ ૨૪૩ ઉમેદવારોએ હાજરી આપી હતી, જેમાંથી ૧૮૫ ઉમેદવારોની પ્રાથમિક પસંદગી કરવામાં આવી હતી. ખાસ કરીને આઈ.ટી.આઈ. રાજુલામાં અભ્યાસ કરી રહેલા અને જુલાઈ–૨૦૨૬માં પાસઆઉટ થનારા ૪૮ તાલીમાર્થીઓને વિવિધ કંપનીઓમાં રૂ. ૧૫,૦૦૦થી રૂ. ૨૨,૦૦૦ સુધીના માસિક પગાર સાથે રોજગારની તક પ્રાપ્ત થઈ છે, જે સંસ્થાની તાલીમની ગુણવત્તા અને વિદ્યાર્થીઓની કૌશલ્ય ક્ષમતાનું પ્રતિબિંબ છે.વર્તમાન સમયમાં પ્રવેશ પ્રક્રિયા શરૂ થઈ ચૂકી છે ત્યારે વધુમાં વધુ વિદ્યાર્થીઓએ રોજગારલક્ષી અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવી કેશલ્ય વિકાસ સાથે ઉજ્જવળ કારકિર્દીનું નિર્માણ કરવું જોઈએ. આ પ્રકારના ભરતી મેળાઓ યુવાનોને ઉદ્યોગજગત સાથે સીધા જોડવાની મહત્વપૂર્ણ કડી બની રહ્યા છે. તેમ આચાર્ય, ઔદ્યોગિક તાલીમ સંસ્થા, રાજુલાએ એક યાદીમાં જણાવ્યું છે.

---

## ખાંભા તાલુકાના મોટા સમઢીયાળા 'ઓઢા બાપુનું સમઢીયાળા' કરવામાં આવ્યું

અમરેલી, તા. ૧૭

અમરેલી જિલ્લાના ખાંભા તાલુકાના મોટા સમઢીયાળા ગામના સરપંચ, ગ્રામ પંચાયત કચેરી દ્વારા ગામનું નામ બદલી અને 'ઓઢા બાપુનું સમઢીયાળા' કરવા માટે માંગણી કરવામાં આવી હતી. આઝાદી પહેલા આ ગામનું નામ ગામના સ્થાપક અને રાજવી ઓઢા બાપુના સમઢીયાળા તરીકે ઓળખાતું હતું.આ અંગે માંગણીના અનુસંધાને સામાન્ય વહીવટ વિભાગ, ગાંધીનગર દ્વારા તા. ૧/૬/૨૦૨૬ના ઠરાવથી ખાંભા તાલુકાના મોટા સમઢીયાળાને 'ઓઢા બાપુનું સમઢીયાળા' તરીકે મંજૂરી આપી છે અને જરૂરી રેકર્ડમાં સુધારો કરવા માટે જણાવ્યું હતું. જેથી ઉપરોકત ઠરાવની તારીખથી રેકર્ડમાં જરૂરી સુધારા કરી અને મોટા સમઢીયાળા 'ઓઢા બાપુનું સમઢીયાળા' તરીકે ઓળખાશે તેમ જિલ્લા કલેકટરની એક યાદીમાં જણાવ્યું છે.

---

### ''પી.એમ પોષણ યોજના'' અન્વયે

## બાબરા તાલુકાનાં વિવિધ મધ્યાહન ભોજન કેન્દ્રમાં સંચાલક કમ કુકની આવશ્યકતા

**તા. ૨૪ જૂન સુધીમાં અરજી કરવા અનુરોધ**

અમરેલી, તા. ૧૭

પી.એમ પોષણ (મધ્યાહન ભોજન) યોજના અન્વયે જિલ્લાના બાબરા તાલુકાના જીવાપર પ્રાથમિક શાળા, હાથીગઢ પ્રાથમિક શાળાના પી.એમ. પોષણ (મ. ભ.યો) કેન્દ્રોમાં સંચાલક–કમ–કુકની આવશ્યકતા છે, જેમને માનદ વેતન ચૂકવવામાં આવશે.

પાત્રતા ધરાવતા ઉમેદવારોએ જાહેર રજાના દિવસ સિવાય કચેરી સમય દરમિયાન બાબરા તાલુકા મામલતદાર કચેરીની મધ્યાહન ભોજન શાખામાંથી નિયત અરજી ફોર્મ મેળવી લેવું. જરૂરી વિગતો અને આધાર પુરાવાઓ સાથે તા. ૨૪ જૂન, ૨૦૨૬ બપોરે ૧૪ કલાક સુધીમાં મામલતદાર કચેરી, બાબરાની ટપાલ શાખાને પહોંચાડવાનું રહેશે. નિયત સમય મર્યાદા વિત્યે મળેલી અરજીઓ ધ્યાને લેવામાં આવશે નહિ.

આ સાથે જરૂરી પુરાવા અંગેની તમામ દસ્વાતેજી વિગતો ઝેરોક્ષ કોપીમાં સ્વપ્રમાણિત નકલ સાથે જોડવાની રહેશે. વધુ માહિતી પી.એમ. પોષણ (મધ્યાહન ભોજન) મામલતદાર કચેરી, બાબરાનો સંપર્ક કરવો તેમ મામલતદાર, બાબરાએ એક યાદીમાં જણાવ્યું છે.

---

## લીલીયા તાલુકાના કૃતાણા ગામે 'જન કલ્યાણ શિબિર' કાર્યક્રમ યોજાયો

લીલીયા, તા.૧૭

લીલીયા તાલુકાના કૂતાણા ગામે જિલ્લા પંચાયત સદસ્ય જીગ્નેશ સાવજ ની ઉપસ્થિતિમાં 'જન કલ્યાણ શિબિર'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. રાજયની જનતા સુધી સરકારની વિવિધ જનકલ્યાણકારી યોજનાઓની માહિતી બહોળા પ્રમાણમાં પહોંચે અને સામાન્ય નાગરિકો તેનો મહત્તમ લાભ લઈ શકે તેવા ઉમદા આશય સાથે આ શિબિર યોજવામાં આવી હતી. કેન્દ્ર અને રાજય સરકારની પ્રમુખ યોજનાઓને સાંકળીને આયોજિત આ શિબિરનો મુખ્ય ઉદ્દેશ્ય 'વિકસિત ભારત@2047' ના વડાપ્રધાનના સંકલ્પને સિદ્ધ કરવા માટે વિકસિત ગુજરાત @2047 ના સ્વપ્નને સાકાર કરવાનો છે. આ પ્રસંગે ઉપસ્થિત વહીવટી તંત્રએ સરકારની વિવિધ યોજનાનો લાભ લેવા માર્ગદર્શન આપેલ હતું સરકારની તમામ કલ્યાણકારી યોજનાઓ છેવાડાના માનવી સુધી પહોંચે અને લોકો સ્વનિર્ભર બને તે જ આ શિબિરનો સાચો હેતુ છે.





આ જન કલ્યાણ શિબિરમાં કૂતાણા અને આસપાસના વિસ્તારના ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા આ તકે મામલતદાર એચ.બી.વાડા તાલુકા વિકાસ અધિકારી વી.એન.ગોહિલ,PGVCL નાયબ ઈજનેર સી.કે.દેવમુરારી, સહિતના વિવિધ વિભાગના અધિકારીઓ કર્મચારીઓ તેમજ તાલુકા ભાજપમહામંત્રી અને કુતાણા ગામના સરપંચ ગૌતમભાઈ વિંછીયા, ભીખાભાઈ ધોરાજીયા, અશ્વિનભાઈ વિંછીયા, મધુભાઈ વાડદોરીયા, લાભુભાઈ માંડાણી, કિશોરભાઈ ગરાણીયા, વિજય એન.ગજેરા, મધુભાઈ સાથલિયા, હીરાભાઈ ચૌહાણ, અજીતભાઈ વિંછીયા કાંતિભાઈ સાથલીયા, હિતેશ રંગપરા ઉપસ્થિત રહ્યા હતા જયારે કાર્યક્રમને સફળ બનાવવા માટે સ્થાનિક આગેવાનો, વહીવટી અધિકારીઓ અને કર્મચારીઓએ ભારે જહેમત ઉઠાવી હતી તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

---

### વેરા ઘટાડાની રજુઆત કર્યા બાદ યુટર્ન લેવાયો

## બગસરા પાલિકાની સામાન્ય સભામાં વેરા ઘટાડવા મુદ્દે ગરમાગરમીનો માહોલ

**જો કે વિકાસકાર્યો માટે ૧૦.૫૦ લાખની મંજૂરી આપી**

બગસરા, તા. ૧૭

બગસરા નગર પાલિકાની આજ રોજ સામાન્ય સભા બગસરા ટાઉન હોલ ખાતે પાલિકા પ્રમુખ નીરવ ગોંડલીયાના અધ્યક્ષ સ્થાને મળી હતી. જેમાં ધારી બગસરાના ધારાસભ્ય જે.વી. કાકડીયા અને અમરેલી જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ મહાવીરબાપુ બગસરા તાલુકા ભાજપ પ્રમુખ પ્રદીપ ભાખર સહિત પાલિકાના ચીફ ઓફિસર મિતલબેન ભાલાળા હાજર રહ્યા હતા જેમાં બગસરાના વિકાસના કામ માટે રૂ.૧૦.૫૦ કરોડના ખર્ચે વિવિધ કામો સર્વાનુમતેનો ઠરાવ પાસ કરવામાં આવ્યા હતા તેમજ અધ્યક્ષ સ્થાનેથી બગસરાનો વિવાદિત મુદો વેરા ઘટાડવાનો મુદો રજૂ કરવામાં આવેલ તુરત જ યુ ટર્ન લઈ કોર્ટ મેટર હોઈ જેમાં ફેરફાર કરી શકીએ નહીંનું બહાનું ધરી બગસરા ચેમ્બર ઓફ કોમર્સ મંત્રી નિલેશભાઈ દેસાણી દ્વારા તથા વેપારી સંસ્થાઓના દ્વારા કરાયેલ રજુઆતનો ઉલાળ્યો કર્યો હતો અને બગસરાની પ્રજાએ રાખેલ વિસનો વિસઘાત થતા લોકોમાં ભારે રોસ જોવા મળી આવેલ હતો. તેમજ આ બધા જ વિકાસના કામો સર્વાનુમતે બહાલી આપવામાં આવ્યા હતા ૪૫ થી વધુ નવા રોડ બે પુલ રિસ રેસિંગ સાર્વજનિક પ્લોટમાં બ્લોક એક સાર્વજનિક પ્લોટમાં યોગાસન માટેનો હોલ મેઘાણી હાઈસ્કૂલમાં રાજયસભાના સંસદ દ્વારા લાઈબ્રેરી તેમજ ગુજરાત સરકાર દ્વારા ત્રણ કરોડથી વધારાની લાઈબ્રેરી તેમ જ હાય ટેન્શન





તસ્વીર : સમીર વિરાણી–બગસરા

ટાવર સાર્વજનિક પ્લોટ તેમજ ૧૩ જેટલી તેમજ વિવિધ કામો આ ઉપરાંત બગસરામાં સીસીટીવી કેમેરા વાઈફાઈ સાથેની સુવિધા આપવામાં આવશે તેની પણ ગ્રાન્ટ સરકારમાંથી ફાળવવામાં આવશે નવી કારોબારી સમિતિની રચના કરવામાં આવી હતી જેમા કારોબારી સમિતિના ચેરમેન તરીકે ચિરાગ પરમાર બાંધકામ સમિતિ ચેરમેન કરણભાઈ વાળા શિક્ષણ સમિતિ ચેરમેન દિનેશ હડિયલ પાણી પુરવઠા સમિતિ ચેરમેન સંગીતાબેન જાદવ આરોગ્ય સમિતિ ચેરમેન ભાવેશ પરમાર ટાઉન પ્લાનિંગ સમિતિ ચેરમેન રમેશ સતાણી લાઈટ સમિતિ ચેરમેન રમેશ હિરપરા બાગ બગીચા સમિતિ વિપુલ જાદવ મહિલા ઉત્કર્ષ સમિતિ ચેરમેન ઈલાબેન જેબલિયા આપતી અને વ્યવસ્થા સમિતિ ચેરમેન નયન પરમાર આવાસ સમિતિ ચેરમેન કોમલબેન સોનગરા પસંદગી સમિતીના ચેરમેન ચંદ્રિકાબેન જલસાણીયા કારોબારીઓની રચના કરવામાં આવેલ હતી તેમજ એજન્ડામા આપેલ તમામ મુદા સર્વાનુ મતે પસાર કરવામા આવેલ હતા તેમજ ૧૫મા નાણાપંચમાંથી ડોર ટુ ડોર કચરો ઉપાડવા માટે સાત નવી ગાડી તેમજ બે ભૂગર્ભ ગટરની સાફાઈ માટેની નવી ગાડીનું લોકાર્પણ બગસરા ધારી ધારા સભ્ય જે.વી. કાકડીયા તેમજ અમરેલી જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ મહાવીરબાપુ તેમજ પાલિકા પ્રમુખ સહિતના સભ્યો દ્વારા લોકાર્પણ કરવામા આવેલ હતું.

---

### અમરેલીમાં દિવસ ૧૩ કલાક અને ૨૮ મિનિટ જેટલો

## આગામી રવિવારનો દિવસ એટલે સમગ્ર વર્ષનો લાંબામાં લાંબો દિવસ

**સોમવારથી દિવસ ક્રમશ : ટુંકો થતો જશે**

અમદાવાદ, તા.૧૭

સૂર્યન ક્રાંતિવૃત અને આકાશી વિષુવવૃત્ત વર્ષમાં બે વખત એકબીજાને છેદે છે. આ છેદન બિંદુને સંપાત દિવસ કહેવામાં આવે છે. ભારતના લોકોએ માર્ચની તા.૨૧ મી એ દિવસ અને રાત સરખા હોવાનો અનુભવ કર્યો હતો. રવિવાર તા. ૨૧મી જુન લાંબામાં લાંબો દિવસનો લોકો અનુભવ કરશે. આ ખગોળીય ઘટનાનો લાભ લેવા ભારત જન વિજ્ઞાન જાથાની રાજય કચેરીએ લોકોને અપીલ કરી છે.

જાથાના રાજય ચેરમેન અને એડવોકેટ જયંત પંડયાએ જણાવ્યું કે સૂર્ય ઉત્તર તરફ ખસતો જતા ઉત્તર ગોળાર્ધની દિવસની લંબાઈ વધતી જાય છે અને રાત ટૂંકી થતી જાય છે. તેના કારણે તા. ૨૧ મી જુને લાંબામાં લાંબો એટલે કે રાજકોટમાં દિવસ ૧૩ કલાક ૨૮ મિનિટ, રાત્રિ ૧૦ કલાક ૩૨ મિનિટ અમદાવાદમાં દિવસ ૧૩ કલાક ૩૦ મિનિટ, રાત્રિ ૧૦ કલાક ૩૦ મિનિટ – સુરતમાં દિવસ ૧૩ કલાક ૨૨ મિનિટ, રાત્રિ ૧૦ કલાક ૩૮ મિનિટ – થરાદમાં દિવસ ૧૩ કલાક ૩૧ મિનિટ, રાત્રિ ૧૧ કલાક ૨૯ મિનિટ – મુંબઈમાં દિવસ ૧૩ કલાક ૧૩ મિનિટ – રાત્રિ ૧૦ કલાક ૪૭ મિનિટ સમયગાળામાં રહેશે. તા. ૨૨મી જુનથી ક્રમિક રીતે દિવસ સેકન્ડના તફાવતે પ્રમાણે ક્રમશઃ ટૂંકો અનેરાત્રિ લાંબી થતી જોવા મળશે. ભારતમાં સૂર્યોદય – સૂર્યાસ્ત પ્રમાણે વિવિધ સ્થળ ોએ સેકન્ડ – મિનિટના તફાવતથી ફેરફાર દિવસ – રાત્રિ જોવા મળશે.

વધુમાં જાથાના જયંત પંડયાએ જણાવ્યું કે ૨૧ મી જુન પછી સૂર્ય દક્ષિણ દિશા તરફ વળે છે તેથી તેને દક્ષિણાયાન કહેવામાં આવે છે. દિવસ – રાતની લંબાઈ ચંદ્રની દિશા ગતિ અને સૂર્ય તરફ પૃથ્વીનો ઝુકાવ અને સૂર્યને પરિભ્રમણ ગતિ વિગેરે પરિબળો પર આધારિત હોય છે જે સતત બદલાતા રહે છે.

પૃથ્વી પોતાની ધરી ૨૩.૫ ને ખુણે નમેલી હોય છે. પૃથ્વીનું માથું દક્ષિણ અને ઉત્તર તરફ નમેલું હોવાના કારણે પૃથ્વીવાસીઓને ગરમી અને ઠંડી વિવિધ આબોહવાનો અનુભવ સૂર્યના કિરણોના કારણે જોવા મળ ે છે.

તા.૨૧મી જુને લાંબામાં લાંબો દિવસ રાત્રિ ટૂંકી ત્યાર બાદ સેકન્ડના તફાવતે દિવસ ટૂંકો અને રાત્રિ લાંબીનો લોકો અનુભવ કરશે. આ ખગોળીય ઘટના વિશે વિશેષ માહિતી માટે મો. ૯૮૨૫૨ ૧૬૬૮૯ ઉપર સંપર્ક સાધવો.

---

### કોલેજ ઓફ નેચરલ ફાર્મિંગ, અમરેલી દ્વારા

## સુડાવડ ગામે ૫૦થી વધુ ખેડૂતોને પ્રાકૃતિક ખેતી અને મિશ્રપાક પદ્ધતિ અંગે તાલીમ અપાઈ

**ટકાઉ કૃષિ માટે ખેડૂતોને માર્ગદર્શન અપાયુ**

અમરેલી, તા. ૧૭

ગુજરાત નેચરલ ફાર્મિંગ સાયન્સ યુનિવર્સિટી, હાલોલના કુલપતિ પ્રો. (ડો.) સી.કે. ટીંબડિયાના માર્ગદર્શન હેઠળ કોલેજ ઓફ નેચરલ ફાર્મિંગ, ગુજરાત નેચરલ ફાર્મિંગ સાયન્સ યુનિવર્સિટી, અમરેલી દ્વારા સુડાવડ ગામ ખાતે પ્રાકૃતિક ખેતી વિષયક તાલીમ કાર્યક્રમ યોજાયો હતો. ખેડૂતોમાં પ્રાકૃતિક ખેતી અંગે જાગૃતિ લાવવા અને તેના વ્યાપક પ્રચાર–પ્રસારના હેતુથી યોજાયેલા આ કાર્યક્રમમાં ૫૦થી વધુ ખેડૂતો ઉત્સાહભેર જોડાયા હતા.





કોલેજના આચાર્ય ડો. એસ.પી. દેશમુખના માર્ગદર્શન હેઠળ તા. ૧૫ જૂન, ૨૦૨૬ના રોજ યોજાયેલી તાલીમમાં વરસાદ આધારિત ખેતીમાં ઓછા ખર્ચે વધુ ઉત્પાદન મેળવવા માટેની વિવિધ પ્રાકૃતિક ખેતી પદ્ધતિઓ અંગે ખેડૂતોને માહિતગાર કરવામાં આવ્યા હતા. કાર્યક્રમ દરમિયાન મિશ્રપાક પદ્ધતિ અંગે નિદર્શન આધારિત તાલીમ પણ આપવામાં આવી હતી.તાલીમમાં કોલેજના મદદનીશ પ્રાધ્યાપક ડો. કે.વી. મસાલીયા અને કુ.આર.એચ. વઘાસિયા તેમજ ખેતી અધિકારી બી.એમ. મોદી અને કુ.યુ.એન. ડોડીયાએ પ્રાકૃતિક ખેતીના પાંચ મુખ્ય આધારસ્તંભો બીજામૃત, જીવામૃત, ઘનજીવામૃત, વાપસા અને આચ્છાદન અંગે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું. સાથે જ મિશ્રપાક પદ્ધતિ દ્વારા એક જ ખેતરમાં વિવિધ પાકોનું વૈજ્ઞાનિક આયોજન કરી જમીનની ફળ દ્રુપતા જાળવવા, જીવાત અને રોગના ઉપદ્રવને ઘટાડવા તેમજ ખેડૂતોની આવકમાં વધારો કરવા અંગે ઉપયોગી માહિતી આપવામાં આવી હતી.

કાર્યક્રમના અંતે ખેડૂતોના પ્રશ્નોનું નિરાકરણ કરવામાં આવ્યું હતું. તાલીમમાં ઉપસ્થિત ખેડૂતો દ્વારા પ્રાકૃતિક ખેતી અંગેનું જ્ઞાન પ્રાપ્ત કરી ભવિષ્યમાં આ પદ્ધતિ અપનાવવા માટે સકારાત્મક અભિગમ વ્યકત કરવામાં આવ્યો હતો.

પ્રાકૃતિક ખેતીના પ્રચાર–પ્રસાર અને ખેડૂતોને ટકાઉ કૃષિ પદ્ધતિઓ તરફ પ્રેરિત કરવા માટે આ તાલીમ કાર્યક્રમ મહત્વપૂર્ણ સાબિત થયો હોવાનું આચાર્ય, કોલેજ ઓફ નેચરલ ફાર્મિંગ, અમરેલી એ એક યાદીમાં જણાવ્યું છે.

# બાબરા નગરપાલિકાની જનકલ્યાણ શિબિરમાં લાભાર્થીઓને સ્થળ પર જ યોજનાઓનો લાભ



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા નગરપાલિકા દ્વારા રાજય સરકારની જનહિતલક્ષી યોજનાઓને લોકો સુધી અસરકારક રીતે પહોંચાડવાના હેતુથી ભવ્ય જન કલ્યાણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. ધારાસભ્ય જનકભાઈ તળાવીયાના અધ્યક્ષસ્થાને યોજાયેલી આ શિબિરમાં મોટી સંખ્યામાં નાગરિકોએ ઉપસ્થિત રહી વિવિધ સરકારી યોજનાઓનો લાભ મેળવ્યો હતો. શિબિર દરમિયાન નગરપાલિકા દ્વારા રાજય સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓ અંગે વિગતવાર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સાથે જ પાત્ર લાભાર્થીઓને વિવિધ સહાય અને સેવાઓનો લાભ સ્થળ પર જ ઉપલબ્ધ કરાવવામાં આવ્યો હતો. સરકારની યોજનાઓનો લાભ સરળતાથી અને પારદર્શક રીતે સામાન્ય નાગરિક સુધી પહોંચે તેવા પ્રયાસોને ઉપસ્થિત લોકોએ આવકાર્યા હતા. આ પ્રસંગે ધારાસભ્યના હસ્તે આવાસ યોજનાના લાભાર્થીઓને ચેકનું વિતરણ કરવામાં આવ્યું હતું. ઉપરાંત નાગરિકોની વિવિધ રજૂઆતો, પ્રશ્નો અને સમસ્યાઓને સાંભળી સંબંધિત વિભાગોના અધિકારીઓ દ્વારા સ્થળ પર જ યોગ્ય નિકાલ લાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. જેના કારણે લાભાર્થીઓમાં સંતોષની લાગણી જોવા મળી હતી. ધારાસભ્યએ પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે રાજય સરકાર અંત્યોદયના મંત્ર સાથે સમાજના દરેક વર્ગ સુધી વિકાસના લાભ પહોંચાડવા પ્રતિબદ્ધ છે અને આવી જનકલ્યાણ શિબિરો દ્વારા સામાન્ય નાગરિકોને સરકારી યોજનાઓનો લાભ સરળતાથી મળી રહે છે. આ કાર્યક્રમમાં શહેર ભાજપ પ્રમુખ કિરીટભાઈ પરવાડીયા, નગરપાલિકા પ્રમુખ રમેશભાઈ પરવાડીયા, કારોબારી સમિતિના ચેરમેન ભરતભાઈ રંગપરા, ભુપતભાઈ બસિયા, કૌશિકભાઈ વાળા, રાજુભાઈ વિરોજા, શિવુંભાઈ ખાદા, મહેશભાઈ પીપળવા, દેવશીભાઈ મારૂ, લાલભાઈ સરવૈયા, મયુરભાઈ રાવલ, પ્રતાપભાઈ ખાચર સહિત નગરપાલિકાના સભ્યો, શહેર ભાજપના અગ્રણીઓ, સામાજિક આગેવાનો, અધિકારીઓ તથા મોટી સંખ્યામાં લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. જનકલ્યાણ શિબિરના સફળ આયોજનથી નાગરિકોમાં સરકારની લોકકલ્યાણકારી યોજનાઓ પ્રત્યે વધુ જાગૃતિ ફેલાઈ હતી અને લાભાર્થીઓને પોતાના પ્રશ્નોના ઝડપી નિરાકરણ સાથે યોજનાઓનો સીધો લાભ મળતા કાર્યક્રમ સફળ રહ્યો હોવાનું ઉપસ્થિત લોકોએ જણાવ્યું હતું.

### રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગ દ્વારા

## અંતે અમરેલીની શાંતાબા જનરલ હોસ્પિટલની મોતિયાકાંડની તપાસ પુર્ણ

### પીડિતોને વળતર અને જવાબદાર સંસ્થા સામે કાર્યવાહી કરાઈ

અમરેલી, તા. ૧૭

શાંતાબા સિવિલ હોસ્પિટલમાં કથિત તબીબી બેદરકારીના કારણે કેટરેકટ સર્જરી બાદ દર્દીઓની આંખોની દ્રષ્ટિ ગુમાવવાના ગંભીર મામલામાં રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગ (National Human Rights Commission) દ્વારા નોંધપાત્ર કાર્યવાહી પૂર્ણ કરીને કેસ બંધ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

અમદાવાદ સ્થિત માનવ અધિકાર કાર્યકર કાંતિલાલ પરમાર દ્વારા આ મામલે NHRC સમક્ષ ફરિયાદ કરવામાં આવી હતી, જેમાં આક્ષેપ હતો કે હોસ્પિટલમાં થયેલ આંખના ઓપરેશન બાદ આશરે ૨૫ દર્દીઓની દ્રષ્ટિ પ્રભાવિત થઈ હતી.

NHRC દ્વારા આ ફરિયાદના આધારે ગુજરાત સરકાર પાસેથી વિગતવાર અહેવાલ મંગાવવામાં આવ્યો હતો. રાજય સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા રજૂ કરાયેલા અહેવાલ મુજબ ૧૪ ડિસેમ્બર, ૨૦૨૨ના રોજ નિષ્ણાત તબીબોની સમિતિ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી હતી. તપાસ દરમિયાન ૧૭ દર્દીઓમાંથી ૧૨ દર્દીઓએ ઓપરેશન બાદ એક અઠવાડિયામાં દ્રષ્ટિ ગુમાવવાની ફરિયાદ નોંધાવી હોવાનું સામે આવ્યું હતું.

તપાસના ભાગરૂપે હોસ્પિટલનું ઓપરેશન થિયેટર સીલ કરવામાં આવ્યું હતું તેમજ દવાઓ અને પાણીના નમૂનાઓ તપાસ માટે મોકલવામાં આવ્યા હતા. ઉપરાંત જવાબદાર તબીબી અધિકારીઓને કારણદર્શક નોટિસો પાઠવવામાં આવી હતી અને વહીવટી તથા આર્થિક કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

હોસ્પિટલને મળતી આરોગ્ય યોજનાની નાણાકીય સહાય પણ અટકાવવામાં આવી હતી તથા રૂ. ૫ કરોડનો દંડ ફટકારવાની કાર્યવાહી કરવામાં આવી હતી. સાથે જ ચેરિટી કમિશનરને પણ જરૂરી પગલાં લેવા સૂચના આપવામાં આવી હતી.

૩૧ જુલાઈ, ૨૦૨૪ના રોજ રાજય સરકાર દ્વારા રજૂ કરાયેલા અંતિમ અહેવાલ મુજબ અસરગ્રસ્ત ૧૨ દર્દીઓમાંથી ૯ દર્દીઓએ કાયમી રીતે દ્રષ્ટિ ગુમાવી છે, જયારે ૩ દર્દીઓ સારવાર બાદ સ્વસ્થ થયા છે.

રાજયસરકાર દ્વારા કાયમી દ્રષ્ટિ ગુમાવનારા ૯ દર્દીઓને રૂ. ૧૦ લાખ પ્રતિ દર્દી મુજબ કુલ રૂ. ૯૦ લાખ વળતર ચૂકવવામાં આવ્યું છે, જયારે ૩ દર્દીઓને રૂ. ૨ લાખ પ્રતિ દર્દી મુજબ કુલ રૂ. ૬ લાખ વળતર આપવામાં આવ્યું છે. આમ કુલ રૂ. ૯૬ લાખ વળતર ચૂકવવામાં આવ્યું છે.

NHRCએ નોંધ્યું છે કે તમામ અસરગ્રસ્તોને વળતર ચૂકવવામાં આવ્યું છે તેમજ જવાબદાર હોસ્પિટલ સામે જરૂરી વહીવટી કાર્યવાહી પૂર્ણ કરવામાં આવી છે. તેથી આયોગે વધુ હસ્તક્ષેપની જરૂરિયાત ન હોવાનું માનીને કેસ બંધ કરવાનો નિર્ણય કર્યો છે.

આ સાથે આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના મુખ્ય સચિવને હાજર રહેવા માટે આપવામાં આવેલ શરતી સમન્સ પણ રદ કરવામાં આવ્યા છે.

રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગે સ્પષ્ટ કર્યું છે કે પીડિતોને વળતર તથા જવાબદાર સંસ્થાઓ સામે જરૂરી કાર્યવાહી પૂર્ણ થઈ ચૂકી હોવાથી આ મામલામાં આગળ કોઈ કાર્યવાહી આવશ્યક નથી અને કેસ બંધ કરવામાં આવે છે.

### પાના ૧ ઉપરનું ચાલું અનાજ માફિયાઓ સામે લાલ આંખ

જથ્થો હોવાનુ માલુમ પડતા તેમને વડિયા મામલતદાર ઓફિસે લાવી કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. આ અનાજના જથ્થામાં ઘઉં ૧૮૧.૧૮૦ કિ.ગ્રા., ચોખા ૫૫૭.૫૫૦ કિ.ગ્રા., ચણા–૮ પેકેટ, તુવેરદાળ–૮પેકેટ સહિત એક ટાટા એસીઈ ગાડી અને વજન કાંટો મળી કુલ ૯૯૪૧૦ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરી અનાજને સરકારી ગોડાઉન ખાતે જયારે વાહનને વડિયા પોલીસને સોંપવામાં આવેલ હતુ. વડિયા મામલતદારની આ કાર્યવાહીથી અનાજ માફિયાઓમાં ફફડાટ જોવા મળ્યો હતો.

લોકોમાં ચર્ચાતી વિગતો મુજબ સસ્તા અનાજની દુકાનોમાં જે અનાજ લોકોને આપવામાં આવે છે તે અનાજ ફેરિયાઓને વેચીને આ રેશનકાર્ડ ધારકો તેના બદલામાં વાસણ અને નાણાં એકત્રિત કરતા હોય છે. ત્યારે જો આવુ બનતું હોય તો આ બાબતે તટસ્થ તપાસ કરી જે રેશનકાર્ડ ધારકો સસ્તા અનાજની દુકાનનું અનાજ લઈને વેંચતા હોય તેવાને ઝડપી કડક કાર્યવાહી કરવી જરૂરી બંને છે જેથી સરકારના નાણાંનો વેડફાડ અટકાવી શકાય અને આવા બની બેઠેલા ગરીબોને ગરીબી રેખા નીચેથી હટાવી શકાય.

આ રેડમાં મામલતદાર યોગેશ બારડની સૂચનાથી નાયબ મામલતદાર દિપક મકવાણા, મુખ્તારબિન શેખ, સર્કલ ઓફિસર કુલદીપસિંહ સિંધવ જોડાયા હતા.

### પાના ૧ ઉપરનું ચાલું રાજુલાનાં કોવાયા ગામે

મૃતકના શરીર આસપાસ ચાર સિંહોની હાજરીના પુરાવા મળ્યા હતા. આથી સંભવિત રીતે હુમલામાં સામેલ તમામ સિંહોની ઓળખ માટે ચારેયને પકડી વિશેષ નિરીક્ષણ હેઠળ રાખવામાં આવ્યા છે. સિંહોના વર્તન, આરોગ્ય અને અન્ય પરિબળોની તપાસ ઉપરાંત તેમના મળમૂત્રના નમૂનાઓ પણ એકત્રિત કરવામાં આવ્યા છે.

વનતંત્ર દ્વારા મળમૂત્ર અને અન્ય ફોરેન્સિક પુરાવાઓના આધારે કયા સિંહે માનવ પર હુમલો કર્યો હતો તેની ઓળખ કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. તપાસ પૂર્ણ થયા બાદ જ હુમલાખોર અથવા નરભક્ષી બનેલા સિંહ અંગે સ્પષ્ટતા થઈ શકશે. આ ઘટના બાદ કોવાયા અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં ભયનો માહોલ સર્જાયો હતો. જોકે શંકાસ્પદ ચારેય સિંહોને પાંજરે પૂરવામાં આવતા સ્થાનિક રહેવાસીઓએ હાશકારો અનુભવ્યો છે.

બીજી તરફ વનવિભાગે લોકોને સાવચેતી રાખવા, રાત્રિના સમયે એકલા બહાર ન નીકળવા અને સિંહોના વસવાટ વાળા વિસ્તાર નજીક ખાસ તકેદારી રાખવા અપીલ કરી છે. આ સમગ્ર ઘટના આ પંથકમાં માનવ–સિંહ સંઘર્ષના વધતા બનાવોને લઈને ફરી એકવાર ચર્ચાનો વિષય બની છે. હવે વનવિભાગની તપાસ બાદ હુમલામાં સંડોવાયેલા સિંહ અંગે શું ખુલાસો થાય છે તેના પર સેની નજર મંડાઈ છે.

### પાના ૮ ઉપરનું ચાલું હિન્દુત્વનાં નામે ચાલતી સરકાર

સ્પષ્ટ રીતે ના પાડી કે "ભાજપના નેતાનું નામ એફઆઈઆરમાં લખવામાં આવશે નહીં, જો કહેતા હોય તો કોઈ નાના મોટા આગેવાનોના નામ લખીએ. પરંતુ જે વ્યકિત આત્મહત્યા પાછળ જવાબદાર છે એમનું નામ લખવામાં આવશે નહીં."

વધુમાં ધારાસભ્યએ જણાવ્યું હતું કે, વડિયા ગામમાં હિન્દુ ખેડૂત આત્મહત્યા કરે અને હિન્દુત્વના નામે ચાલતી આખી સરકાર જો કોઈ માણસને મરતા રોકી ન શકે તો એ ખૂબ જ દુઃખની બાબત છે. મૃતક મનસુખભાઈના કૌટુંબિક ભાઈ જીવરાજભાઈએ પણ જમીન બાબતે આજે ખૂબ જ દુઃખી સ્વરે કહ્યું કે એમને પણ રસ્તાનો પ્રશ્ન છે અને એમને પણ આત્મહત્યા કરવી પડે એવું લાગે છે. મેં એમને આસન આપ્યું છે અને રસ્તાના પ્રશ્નો મુદ્દે ભાજપના માણસો દાદાગીરી કરી રહ્યા છે એની સામે મામલતદારો, કલેકટરો, ડીવાયએસપીઓ સહિત તમામ લોકો સજાગ બને અને ખેડૂતોને મદદરૂપ બને એ બાબતની આજે જાણ કરી છે અને ટૂંક જ સમયમાં મૃતક મનસુખભાઈ અને કૌટુંબિક ભાઈ જીવરાજભાઈ બંનેના રસ્તા બાબતે મામલતદાર નિરાકરણ લાવે એ બાબતે વાત કરી છે.

### પાના ૮ ઉપરનું ચાલું બાળસિંહનું મોત

છે. ઘટનાની જાણ થતાં વનવિભાગની ટીમ તાત્કાલીક સ્થળ પર પહોંચી હતી અને સમય ઘટનાની તપાસ હાથ ધરી હતી.

વનવિભાગે સિંહબાળના મૃતદેહનો કબજો મેળવી તેને પોસ્ટમોર્ટમ (પી.એમ.) માટે ખસેડવાની કાર્યવાહી શરૂ કરી છે. પોસ્ટમોર્ટમ રિપોર્ટ બાદ મોતના ચોકકસ કારણ અંગે વધુ સ્પષ્ટતા થશે. ઘટનાને લઈને વનવિભાગ દ્વારા આસપાસના વિસ્તારમાં પણ તપાસ ચલાવવામાં આવી રહી છે.

તાજેતરના સમયમાં સિંહોના માનવ વસાહતો તરફ વધતા અવરજવર અને માનવ–વન્યપ્રાણી સંઘર્ષની ઘટનાનો વચ્ચે આ બનાવે આ ચિંતા ઊભી કરી છે. એક તરફ સિંહોના હુમલાથી માનવ જિંદગી બચાવવાનો પડકાર છે. તો બીજી તરફ માનવીય પ્રવૃતિઓ અને સુરક્ષા માટે ઉભા કરાયેલા માળખાઓથી સિંહો તથા તેમના બચ્ચાઓને બચાવવાની કવાયત પણ વનવિભાગ માટે મોટો પડકાર બની રહી છે.

આ ઘટનાએ ફરી એકવાર ગીર અને આસપાસના વિસ્તારોમાં વન્યપ્રાણીઓની સુરક્ષા, તાર ફેન્સિંગના જોખમો અને માનવ સિંહ સહઅસ્તિત્વ અંગે ગંભીર ચર્ચા જગાવી છે. વનવિભાગ હવે ઘટનાના તમામ પાસાઓની તપાસ કરી આગળની કાર્યવાહી હાથ ધરશે.

સંકુલ ૧૧ – ૧૨ પ્રવેશ ચાલુ
૧૧ – ૧૨ ગર્લ્સ સાયંસ બપોર
૧૧ – ૧૨ મિશ્ર સાયંસ સવાર
૧૧ – ૧૨ EM સાયંસ સવાર
૧૧ – ૧૨ ગર્લ્સ કોમર્સ બપોર
૧૧ – ૧૨ મિશ્ર કોમર્સ સવાર
૧૧ – ૧૨ EM કોમર્સ સવાર
૧૧ – ૧૨ ગર્લ્સ આર્ટસ બપોર
૧૧ – ૧૨ મિશ્ર આર્ટસ સવાર
૧૧ – ૧૨ Bio - Maths ગ્રુપ
૧૧ – ૧૨ EM - GM મિડીયમ
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત
શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ સ્કૂલ કોલેજ હોસ્ટેલ
સ્થળ:–શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(ગર્લ્સ), ચક્કરગઢ રોડ, અમરેલી.–Ad 111

"અમરેલી એક્સપ્રેસ"
અમારૂ ઇ–મેઇલ એડ્રેસ
"અમરેલી એક્સપ્રેસ"ના પત્રકારોને વિનંતી કે,ઇ–મેઇલ એડ્રેસ
amreliexpress7@gmail.com
પર ફોટોગ્રાફ્સ મોકલવા.
"અમરેલી એક્સપ્રેસ" દૈનિક
જિલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.

## અવસાન નોંધ

**અમરેલી :** અમરેલી નિવાસી નંદલાલભાઈ વલ્લભદાસ સાદરાણી (ઉ.વ. ૮૦) તે હરેશભાઈ, શશીકાંતભાઈ તથા કમલેશભાઈ તથા પુજાબેન મુકેશભાઈ રૂપારેલીયાનાં પિતાશ્રી તથા સ્વ. મથુરાદાસ (ઢોળવા) તથા જગજીવનભાઈ (વિસાવદર)ના નાના ભાઈ તથા સ્વ. રતિભાઈ હરજીવનભાઈ જોબનપુત્રા તથા ચંદુભાઈ તથા કાંતિભાઈ તથા ગિરધરભાઈનાં બનેવીનું તા. ૧૭/૬નાં રોજ અવસાન થયેલ છે. સદગતનું ઉઠમણું તા. ૧૮/૬નાં રોજ જલારામ ગેસ્ટ હાઉસ, લીલીયા રોડ, અમરેલી મુકામે સાંજના ૪ થી ૬ રાખેલ છે. સસુર પક્ષની સાદડી સાથે રાખેલ છે.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૨૨૫ | ૧૫૦૦ |
| ૨ | શિંગ મોટી | ૭૮૦ | ૧૩૯૦ |
| ૩ | શિંગદાણા | ૧૪૬૦ | ૧૭૬૦ |
| ૪ | શિંગદાણા ફાડા | ૧૪૬૦ | ૧૬૬૦ |
| ૫ | તલ સફેદ | ૧૨૭૦ | ૨૪૯૦ |
| ૬ | તલ કાળા | ૨૧૦૦ | ૩૭૦૦ |
| ૭ | તલ કાશ્મીરી | ૨૨૯૫ | ૨૩૬૦ |
| ૮ | બાજરો | ૪૨૫ | ૪૬૦ |
| ૯ | જુવાર | ૪૩૦ | ૧૦૩૦ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૪૨૦ | ૫૫૫ |
| ૧૧ | ઘઉં લોકવન | ૪૫૫ | ૪૮૦ |
| ૧૨ | મગ | ૧૦૮૦ | ૧૭૧૫ |
| ૧૩ | અડદ | ૧૨૦૦ | ૧૪૬૦ |
| ૧૪ | ચણા | ૯૫૦ | ૧૧૫૦ |
| ૧૫ | સફેદ ચણા | ૧૦૫૦ | ૧૧૫૦ |
| ૧૬ | તુવેર | ૮૦૦ | ૧૩૭૦ |
| ૧૭ | કપાસ | ૯૩૦ | ૧૮૮૦ |
| ૧૮ | એરંડા | ૧૦૦૦ | ૧૩૪૦ |
| ૧૯ | જીરૂ | ૩૫૦૦ | ૪૨૩૫ |
| ૨૦ | રાય | ૧૫૦૦ | ૧૬૦૦ |
| ૨૧ | ધાણી | ૨૨૦૦ | ૨૮૦૦ |
| ૨૨ | મેથી | ૧૦૦૦ | ૧૩૨૦ |
| ૨૩ | સોયાબીન | ૧૦૬૦ | ૧૩૫૦ |
| ૨૪ | રજકાનુ બી | ૧૫૦૦ | ૮૦૦૦ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૭૦ | ૧૧૭૦ |
| ૨ | મગફળી | ૧૧૩૦ | ૧૩૧૫ |
| ૩ | ઘઉં લોકવન | ૪૪૬ | ૪૫૬ |
| ૪ | ચણા | ૧૧૧૧ | ૧૧૧૧ |
| ૫ | ધાણા | ૨૪૫૦ | ૨૫૫૦ |
| ૬ | મગ | ૧૦૨૦ | ૧૬૪૦ |
| ૭ | તલ સફેદ | ૨૫૦૦ | ૨૫૦૦ |
| ૮ | તલ કાળા | ૧૭૧૦ | ૨૯૦૦ |
| ૯ | એરંડા | ૧૧૫૫ | ૧૨૩૦ |
| ૧૦ | મેથી | ૯૮૧ | ૧૧૫૬ |
| ૧૧ | શીંગ દાણા | ૧૫૫૧ | ૨૧૦૦ |
| ૧૨ | અડદ | ૧૦૫૦ | ૧૦૫૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૨૫૦ | ૧૫૬૫ |
| ૨ | શીંગ મોટી | ૧૨૦૦ | ૧૪૨૦ |
| ૩ | શીંગ દાણા | ૧૬૦૦ | ૧૮૯૦ |
| ૪ | તલ સફેદ | ૨૧૦૦ | ૨૪૦૦ |
| ૫ | તલ કાળા | ૩૧૦૦ | ૩૬૯૧ |
| ૬ | જીરૂ | ૩૪૪૦ | ૪૨૦૦ |
| ૭ | કપાસ | ૧૫૦૦ | ૧૭૨૦ |
| ૮ | ઘઉં લોકવન | ૪૫૦ | ૪૮૦ |
| ૯ | ઘઉં ટુકડા | ૪૬૦ | ૫૧૫ |
| ૧૦ | બાજરો | ૪૦૦ | ૫૦૦ |
| ૧૧ | જુવાર | ૬૦૦ | ૧૦૬૦ |
| ૧૨ | મગ | ૧૫૫૦ | ૧૭૨૪ |
| ૧૩ | અડદ | ૧૪૦૦ | ૧૬૦૦ |
| ૧૪ | ચણા | ૧૧૦૦ | ૧૧૭૫ |
| ૧૫ | દેશી ચણા | ૧૦૮૦ | ૧૧૫૫ |
| ૧૬ | તુવેર | ૧૨૦૦ | ૧૪૦૦ |
| ૧૭ | એરંડી | ૧૨૩૦ | ૧૩૨૫ |
| ૧૮ | મેથી | ૧૨૦૦ | ૧૩૧૫ |
| ૧૯ | ધાણા | ૨૦૦૦ | ૨૯૦૦ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૫૯૦ | ૧૭૫૩ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૪૪૦ | ૧૫૮૦ |
| ૩ | મગફળી | ૧૦૧૦ | ૧૧૫૫ |
| ૪ | તલ સફેદ | ૧૭૫૦ | ૨૨૦૦ |
| ૫ | તલ કાળા | ૨૮૯૦ | ૩૪૫૦ |
| ૬ | જીરૂ | ૩૨૦૦ | ૩૯૬૦ |
| ૭ | ચણા | ૧૦૧૦ | ૧૧૬૦ |
| ૮ | ઘઉં | ૪૧૦ | ૪૭૦ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | મગફળી | ૯૨૫ | ૧૨૦૦ |
| ૨ | ઘઉં લોકવન | ૪૦૫ | ૪૬૩ |
| ૩ | જુવાર | ૫૦૦ | ૮૪૫ |
| ૪ | ઘઉં ટુકડા | ૪૧૧ | ૪૫૯ |
| ૫ | તુવેર | ૧૧૨૫ | ૧૧૨૫ |
| ૬ | ચણા | ૯૦૦ | ૧૧૩૩ |
| ૭ | કલોંજી | ૨૮૦૦ | ૨૮૦૦ |
| ૮ | ધાણા | ૧૬૦૦ | ૨૫૦૫ |
| ૯ | રાય | ૧૧૪૫ | ૧૧૪૫ |
| ૧૦ | મગ | ૧૫૫૦ | ૧૫૫૦ |
| ૧૧ | સોયાબીન | ૧૩૧૦ | ૧૩૮૧ |
| ૧૨ | તલ સફેદ | ૨૧૦૦ | ૨૨૫૦ |
| ૧૩ | શીંગદાણા | ૧૩૦૦ | ૧૮૫૦ |
| ૧૪ | લસણ | ૧૨૦૦ | ૧૬૦૦ |
| ૧૫ | મેથી | ૯૩૫ | ૯૩૫ |
| ૧૬ | અડદ | ૧૪૬૧ | ૧૬૫૦ |
| ૧૭ | તલકાળા | ૧૦૦૦ | ૨૮૦૦ |
| ૧૮ | કળથી | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ૧૯ | શીંગફાડા | ૧૫૨૫ | ૧૫૨૫ |
| ૨૦ | મકાઈ | ૩૦૦ | ૪૬૦ |
| ૨૧ | બાજરો | ૪૦૫ | ૪૦૫ |

## જાહેર નોટીસ

આથી હું નીચે સહી કરનાર **એડવોકેટ કે.વી. કેશરીયા**એ લાગતા વળગતા સર્વેને આ જાહેર નોટીસથી જાણ/તાકીદ કરૂ છું કે :

અમારી પાસેથી અમારા અસીલ **વાલજીભાઈ પુનાભાઈ નાકરાણી** રહે. જાળીયાવાળાની મિલ્કત કે જેનું વર્ણન નીચે પ્રમાણે છે.

જાળીયા, તા. જિ. અમરેલી
રે. સર્વે.નં. ૯૩/૧ — સીટી સર્વે નં. ૪૭૪
બીનખેતી પ્લોટ નં. ૩ — જેના ચો.મી. ૬૭૦–૮૧
રજી. દસ્તાવેજ નં. ૩૭૩૮ — તારીખ : ૧૧/૧૧/૨૦૧૩

ઉપરોકત મિલ્કત અમારા અસીલશ્રીએ (૧) ઉજીબેન હરીભાઈ નાકરાણી (૨) ધનજીભાઈ હરીભાઈ નાકરાણી (૩) કાંતાબેન હીરભાઈ નાકરાણી (૪) મુકતાબેન હરીભાઈ નાકરાણીનાં કુલમુખત્યાર તથા જાતે પરબતભાઈ હરીભાઈ નાકરાણી તેમજ (૧) મનિષભાઈ ધીરૂભાઈ નાકરાણી (૨) નિલેષભાઈ ધીરૂભાઈ નાકરાણી (૩) સોનલબેન ધીરૂભાઈ નાકરાણીનાં કુલમુખત્યાર તથા જાતે ભાનુબેન ધીરૂભાઈ નાકરાણી પાસેથી ઉપરોકત રજી. વેચાણ દસ્તાવેજથી ખરીદ કરેલ છે. જે વેચાણ દસ્તાવેજ અંગેનાં કુલમુખત્યારનામા તા. ૦૮/૧૧/૨૦૧૩ નાં રોજ આપવામાં આવેલ હતા. જે કુલમુખત્યારનામા ઉપરોકત રજી. વેચાણ સમયે અસ્તિત્વમાં હતા.

તેઓએ આ મિલ્કત સંદર્ભે અમારી પાસેથી ટાઈટલ કલીયર રીપોર્ટ માંગેલ છે.

તો ઉપરોકત મિલ્કતમાં અન્ય કોઈ ઈસમ/વ્યકિતનું કે કોઈ નાણાકીય સંસ્થા કે સરકારી, સહકારી કે અર્ધ સરકારી–અર્ધ સહકારી સંસ્થાનું હિત સમાયેલ હોય, કે ઉપરોકત મિલ્કત કોઈની પાસે ગીરો થયેલ હોય કે તેના પર બોજો કરવામાં આવેલ હોય તો , અથવા કોઈ ઈસમ/વ્યકિતનો લાગ ભાગ, હકક–હિસ્સો હોય અથવા તો ઉપરોકત દસ્તાવેજ રજી. થયા પહેલા આ કુલમુખત્યારનામું આપનાર ધ્વારા રદ કરવામાં આવેલ હોય, તો નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ ત્રણમાં લેખીતમાં આધાર પુરાવા સાથે નીચે જણાવેલ સરનામે રજી. પોસ્ટ એ.ડી.થી જણાવવું, અન્યતા તે અંગે કોઈને હરકત, વાંધા, તકરાર, સરખુ નથી અને જો હોય તો તેમણે સ્વૈચ્છાએ જતા (વેઈવ) કરેલ છે તેમ માની અને તેઓને અમારા તરફથી ટાઈટલ કલીયર રીપોર્ટ/એન.ઓ.સી. ઈસ્યુ કરવામાં આવશે. ઉપરોકત સમય વિત્યા બાદ તે અંગેની કોઈ જ તકરાર ગ્રાહ્ય રાખવામાં આવશે નહી જેની લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી.

તારીખ : ૧૭/૦૬/૨૦૨૬
પહેલો માળ, ટ્રેડ સેન્ટર
કલેકટર ઓફિસ પાછળ, અમરેલી.

**કે.વી. કેશરીયા**
એડવોકેટ

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૧૦૦૦ | ૧૨૯૫ |
| ૨ | તલ સફેદ | ૧૪૦૦ | ૨૪૭૬ |
| ૩ | તલ કાળા | ૧૯૦૦ | ૩૭૩૧ |
| ૪ | તલ પીળા | ૨૧૫૧ | ૨૧૫૧ |
| ૫ | કપાસ | ૧૦૩૦ | ૧૭૦૧ |
| ૬ | બાજરો | ૩૫૫ | ૫૨૦ |
| ૭ | ઘઉં ટુકડા | ૩૫૫ | ૫૦૦ |
| ૮ | જુવાર | ૬૦૦ | ૧૧૨૮ |
| ૯ | મગ | ૧૪૮૦ | ૧૬૭૦ |
| ૧૦ | અડદ | ૧૬૬૧ | ૧૭૫૧ |
| ૧૧ | તુવેર | ૧૨૫૦ | ૧૨૮૧ |
| ૧૨ | ચણા | ૯૯૦ | ૧૧૫૧ |
| ૧૩ | એરંડી | ૧૦૩૧ | ૧૦૩૧ |
| ૧૪ | સોયાબીન | ૧૧૦૦ | ૧૩૦૦ |
| ૧૫ | શીંગદાણા | ૧૬૧૬ | ૧૭૨૫ |

## પાલિકાના પ્રમુખ અને ચીફ ઓફિસર દ્વારા તાકીદ કરાઈ

# અમરેલીમાં પાણીનો બગાડ કરનાર સામે થશે કાર્યવાહી

**પાણી-પુરવઠાનાં નિયમો અંતર્ગત પીવાના પાણીનો બગાડ કરનાર વિરૂધ્ધ થશે કાર્યવાહી**

**દંડનાત્મક અને ફોજદારી રાહે પણ પાલિકા દ્વારા કાર્યવાહી કરવાની ચીમકી**

**પાણી વિતરણ સમયે નળ ખુલ્લો છોડી દેવો, દીવાલો કે વાહનો ધોવા સહિતનું બંધ કરવું પડશે**

**પાલિકાની ખાસ ટીમ પાણી વિતરણના સમયે જે તે વિસ્તારમાં ચેકીંગ કરશે**

અમરેલી, તા.૧૭

અમરેલી શહેરના પ્રત્યેક નાગરિકને પૂરતા પ્રમાણમાં શુદ્ધ પીવાનું પાણી મળી રહે તે માટે અમરેલી નગરપાલિકા તથા સરકાર દ્વારા કરોડો રૂપિયાના ખર્ચે મહી – પરીએજ યોજના, વડી ડેમ તેમજ ઠેબી ડેમ આધારિત પાણી વિતરણનું સુદ્રઢ આયોજન કરવામાં આવેલ છે. અમરેલી નગરપાલિકા દ્વારા ખૂબ જ મોટા પરિશ્રમથી પ્રત્યેક ઘર સુધી પીવાનું પાણી પહોંચાડવામાં આવે છે, જેની સામે નગરપાલિકાના પ્રવર્તમાન 'વોટર બાય–લોઝ' અનુસાર પાણીનો આડેધડ વેડફાટ કરવો એ કાનૂની રીતે ગંભીર અને દંડનીય ગુનો બને છે. છેલ્લા કેટલાક સમયથી અમરેલી નગરપાલિકાના ધ્યાને આવ્યું છે કે, શહેરના કેટલાક વિસ્તારોમાં નાગરિકો દ્વારા પીવાના કિંમતી પાણીનો અત્યંત બેદરકારીપૂર્વક બગાડ કરવામાં આવી રહ્યો છે. પાણી વિતરણના સમયે નળ ખુલ્લા છોડી દેવા, ડાયરેકટ નળી લગાવીને ઘર આંગણા, મકાનની દીવાલો કે જાહેર રોડ ધોવા, ફોર – વ્હીલર કે ટુ – વ્હીલર વાહનો ધોવા તેમજ ઘર અને એપાર્ટમેન્ટની પાણીની ટાંકીઓ ઓવરફલો થવા દેવી જેવી પ્રવૃત્તિઓ મારફત હજારો લીટર શુદ્ધ પાણી ગટરોમાં વહેવડાવી દેવામાં આવે છે, જે 'વોટર બાય – લોઝ' ની વિવિધ કલમો હેઠળ સરકારી સંપત્તિના નુકસાન અને ગુનાહિત બેદરકારીની શ્રેણીમાં આવે છે.અમરેલી નગરપાલિકાદ્વારા આ પ્રકારે પાણીનો બગાડ કરતાં તમામ નગરજનોને કડક શબ્દોમાં સૂચના આપવામાં આવે છે કે પીવાના પાણીનો ઉપયોગ માત્ર અને માત્ર ઘરવપરાશ તથા પીવા માટે જ મર્યાદિત રાખવો. વાહનો અને આંગણા ધોવા કે રસ્તા પર પાણી છાંટવા માટે ડાયરેકટ પાઈપલાઈનનો ઉપયોગ કરવા પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવામાં આવે છે, તેમજ પાણીના ટાંકા ભરાઈ જાય એટલે ઓવરફલો અટકાવવા માટે તમામ મિલકતધારકોએ 'ઓટો – કટ વાલ્વ સિસ્ટમ' લગાવવા અનુરોધ કરવામાં આવે છે, અને ખાનગી નળ કનેકશનના લીકેજ તાત્કાલિક પોતાના ખર્ચે રીપેર કરાવવાના રહેશે.નગરપાલિકાના સેનિટરી અને ટેકનિકલ સ્ટાફની ટિમ દ્વારા હવેથી શહેરમાં પાણી વિતરણના સમયે જ શહેરમાં સઘન આકસ્મિક ચેકિંગ હાથ ધરવામાં આવશે.જો કોઈ પણ મિલકતધારક કાયદાનું ઉલ્લંઘન કરીને પાણીનો વેડફાટ કરતા પકડાશે, અને આ ચેકિંગ ટિમ સાથે ગેર વ્યવહાર કરતાં જણાશે તો 'વોટર બાય – લોઝ' ની જોગવાઈઓ અનુસાર તેમની સામે સ્થળ પર જ ભારે આર્થિક દંડ ફટકારવામાં આવશે. આ ઉપરાંત, વારંવાર નિયમભંગ કરનાર ગ્રાહકોનું પાણીનું જોડાણ (નળ કનેકશન) કોઈપણ પૂર્વ સૂચના વગર કાયમી ધોરણે કાપી નાખવામાં આવશે અને જરૂર જણાયે કાનૂની કલમો હેઠળ ફોજદારી કાર્યવાહી પણ હાથ ધરાશે, આમ, જળ એ જ જીવન છે અને આપણી આજની નાની સરખી બેદરકારી ભવિષ્યમાં સમગ્ર અમરેલી શહેર માટે મોટી જળ – કટોકટી સર્જી શકે છે, જેથી અમરેલીને શહેરને પાણીની તંગીથી બચાવવા માટે એક જવાબદાર નાગરિક તરીકે નગરપાલિકાના આ કડક કાનૂની અભિગમમાં સંપૂર્ણ સહકાર આપવા પાલિકાનાં પ્રમુખ અને ચીફ ઓફિસરે અનુરોધ કર્યો છે.

---

## બાળમજુરી વિરોધી ઝુંબેશ અંતર્ગત રેડમાં

# અમરેલીની હોટલ રસથાળમાંથી ૬ તરૂણ શ્રમયોગીઓ મળી આવ્યા

**કાયદાકીય જોગવાઈઓ અનુસાર કાર્યવાહી શરૂ**

અમરેલી, તા. ૧૭

અમરેલી જિલ્લામાં બાળ શ્રમયોગી પ્રથા નાબૂદી માટે જિલ્લા ટાસ્કફોર્સ સમિતિ દ્વારા બાળમજૂરી વિરોધી ઝુંબેશ અંતર્ગત તા. ૧૫ જૂન, ૨૦૨૬ના રોજ અમરેલી શહેરના વિવિધ વિસ્તારોમાં જિલ્લા ટાસ્કફોર્મ સમિતિ સાથે વિશેષ રેડનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યવાહી વિ બાળ મજૂરી વિરોધી દિવસની ઉજવણીના ભાગરૂપે હાથ ધરવામાં આવી હતી.

મદદનીશ શ્રમ આયુકતની કચેરીમાં યોજાયેલી આ રેડમાં સરકારના વિવિધ વિભાગોના અધિકારીઓ અને પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો. ટીમ દ્વારા અમરેલી શહેરમાં વિવિધ સંસ્થાઓ અને વ્યવસાયિક એકમોમાં તપાસ હાથ ધરવામાં આવી હતી.

આ કાર્યવાહીમાં સરકારી શ્રમ અધિકારી, અમરેલી એમ.એચ. પરમાર, ડિસ્ટ્રીકટ એન્ટી હ્યુમન ટ્રાફિકીંગ યુનિટના સુ. એન.એ. કુંડળીયા, જિલ્લા શોપ ઈન્સપેકટર કે.એન. કાબરીયા, નગરપાલિકા અમરેલી, જિલ્લા શિક્ષણાધિકારની કચેરીમાંથી એન.એમ. વરૂ, બાળ સુરક્ષા એકમ અમરેલી ખાતેથી સુ. એમ.પી. રાઠોડની ટીમની સંયુકત કાર્યવાહીમાં ૧૨ જૂને વિ બાળ મજૂરી વિરોધી દિવસ અંતર્ગત કાર્યવાહી કરી હતી.

તપાસ દરમિયાન લાઠી રોડ સ્થિત હોટલ રસથાળ ખાતે કુલ ૬ તરૂણ શ્રમયોગીઓ કાયદેસર રીતે કામ કરતા હોવાનું જાણવા મળ્યું હતું. જોકે, બાળ અને તરૂણ મજૂર (પ્રતિબંધ અને નિયમન) અધિનિયમ, ૧૯૮૬ની જોગવાઈઓના ભંગ અંગે સંસ્થા સામે નોટિસ પાઠવવામાં આવી છે તેમજ કાયદાકીય જોગવાઈઓ અનુસાર આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. જિલ્લા ટાસ્કફોર્સ સમિતિ દ્વારા બાળમજૂરી જેવી સામાજિક કુપ્રથાને નાબૂદ કરવા માટે સતત દેખરેખ અને સઘન તપાસ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. તેમ મદદનીશ શ્રમઆયુકત એમ.એચ. પરમાર અને સભ્ય સચિવ જિલ્લા ટાસ્કફોર્સ સમિતિ અમરેલીએ એક યાદીમાં જણાવ્યું છે.

---

## સમગ્ર શિક્ષા પ્રોજેક્ટ અંતર્ગત

# અમરેલી જિલ્લામાં વિવિધ માનદ વેતનથી થેરાપીસ્ટની આવશ્યકતા

**લાયકાત ધરાવતા ઉમેદવારોએ અરજી પહોંચાડવી**

અમરેલી, તા. ૧૭

અમરેલી જિલ્લામાં સમગ્ર શિક્ષાના દિવ્યાંગ બાળકોના તમામ તાલુકા તેમજ કલસ્ટર કક્ષાના રિસોર્સ રૂમ પર માનદ વેતન પર કરાર આધારિત હંગામી ધોરણે થેરાપીસ્ટની આવશ્યકતા છે. જેમાં યોગ્ય લાયકાત ધરાવતા થેરાપીસ્ટ અને દિવ્યાંગ ક્ષેત્રે કામ કરતી સંસ્થા અરજી કરી શકશે.

આવશ્યકતા મુજબ ફિજિયોથેરાપીસ્ટ જે ડિપ્લોમાં ઈન ફિજિયોથેરાપી, ડીબીટી અથવા બેચલર ઓફ ફિજિયોથેરાપીની શૈક્ષણિક લાયકાત, ઓડિયોલોજીસ્ટ અને સ્પીચ થેરાપીસ્ટ ડિપ્લોમાં ઈન હિયરીંગ લેંગ્વેજ એન્ડ સ્પીચ ડી.એચ.એલ.એસ અથવા બેચલર ઓફ સ્પીચ એન્ડ લેંગ્વેજ પેથોલોજી બી.એ.એસ.એલ.પી, સાઈકોલોજિસ્ટ –બેચલર ઓફ આટર્સ ઈન કિલનીકલ સાઈકલોજી અથવા પોસ્ટ ગ્રેજયુએટ ડિપ્લોમા ઈન કિલનિકલ એન્ડ કોમ્યુનિકેશન સાઈકોલોજી, ઓક્યુપેશન થેરાપીસ્ટ– બેચલર ઓફ ઓકયુપેશનલ થેરાપીસ્ટ બી.ઓટી અથવા બેચલર પ્રોસ્થસિસ એન્ડ ઓર્થોસીસ એન્જિ. પીએન્ડઓ એન્જિનિયરીંગની શૈક્ષણિક લાયકાત ધરાવતા ઉમેદવારો અરજી કરી શકશે.

આ થેરાપીસ્ટને પ્રતિ વિઝિટ માનદ વેતન રૂ. ૧,૦૦૦ ચૂકવવામાં આવશે. લાયકાત ધરાવતા ઉમેદવારોએ અરજી સાથે જરૂરી અનુભવના દસ્તાવેજો અને પ્રમાણપત્રોની નકલ જાહેરાત પ્રસિધ્ધ થયાના ૦૭ દિવસમાં રજિસ્ટર એ.ડીથી જિલ્લા પ્રોજેકટ કચેરી સમગ્ર શિક્ષા, રોયલ કોમ્પલેક્ષ, ચિત્તલ રોડ, અમરેલી ખાતે પહોંચાડવાની રહેશે. સમય મર્યાદા બાદ આવેલી અરજીઓ સ્વીકારવામાં નહીં આવે તેમ જિલ્લા પોજેકટ કો–ઓર્ડિનેટર અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી સમગ્ર શિક્ષાએ એક યાદીમાં જણાવ્યું છે.

---

# અમરેલી જિલ્લામાં ૨૩-૨૪-૨૫ જૂન શાળા પ્રવેશોત્સવ યોજાશે



અમરેલી, તા. ૧૭

સમગ્ર રાજય સહિત અમરેલી જિલ્લામાં આગામી તા. ૨૩–૨૪–૨૫ જૂન દરમિયાન શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ યોજાશે. સમગ્ર કાર્યક્રમની રૂપરેખાની જાહેરાત સાથે શિક્ષણ વિભાગના ત્રિવિધ કાર્યક્રમોની જાહેરાત કરવાના હેતુથી ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીની ગરીમામય વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં અમરેલી જિલ્લા સેવા સદન ખાતેથી જિલ્લા કલેકટર વિકલ્પ ભારદ્વાજ સહિત જિલ્લાના અધિકારીઓ જોડાયા હતા.

કાર્યક્રમમાં મુખ્યમંત્રી, નાયબ મુખ્યમંત્રી, શિક્ષણમંત્રી સહિતના મહાનુભાવોએ પ્રેરક ઉદ્બોધન કર્યુ હતું. આ વર્ચ્યુઅલ કાર્યક્રમમાં સમગ્ર રાજયની શાળાઓની ગુણવત્તાની ચકાસણી કાર્યક્રમ, નવી શિક્ષણ નીતિ રૂપરેખાની પુસ્તિકાનું વિમોચન અને નિપૂણ ગુજરાત અભિયાનનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.

આ ત્રણ દિવસ દરમિયાન પ્રવર્તમાન સ્થિતિને અનુરૂપ ઊર્જા બચતના અભિગમ સાથે સામૂહિક વ્યવસ્થાઓ દ્વારા કાર્યક્રમ યોજાશે. અમરેલી જિલ્લામાં રાજય સરકાર વતી ઉપસ્થિત રહેનાર મંત્રી ઉપરાંત જિલ્લા પ્રભારી સચિવ સંદિપ કુમાર અને અન્ય ઉચ્ચ અધિકારીઓ સાથે જિલ્લા વહીવટીતંત્રના અધિકારીઓ ત્રણ દિવસ દરમિયાન શાળામાં ધો.૧–૧૧માં નવી શિક્ષણ નીતિ અંતર્ગત વિવિધ આયામો અંતર્ગત વિદ્યાર્થીઓને પ્રવેશ અપાવશે. આ બેઠકમાં જિલ્લા કલેકટર વિકલ્પ ભારદ્વાજે જિલ્લાના અધિકારીઓને શાળા પ્રવેશોત્સવને સરકારી કાર્યક્રમ તરીકે નહીં પરંતુ વિકસિત ભારતના શિક્ષિત નાગરિકના નિર્માણના પાયા તરીકે ઉજવવા અનુરોધ કર્યો હતો. તેમણે અધિકારીઓને વિદ્યાર્થીઓ અને વાલીઓ સાથે ચર્ચા કરી તેમના સર્વાંગી વિકાસ માટે જરૂરી પ્રોત્સાહન આપવા માટે જણાવ્યું હતું. વિકસિત ભારત ૨૦૪૭માં યોગદાન આપનારા આજના બાળકોને પ્રોત્સાહન આપી અને શિક્ષિત ગુજરાતના શિક્ષિત નાગરિકોને ઘડવા માટે પોતાનું યોગદાન આપવા માટે કલેકટરએ માર્ગદર્શન આપ્યું હતું. અમરેલી જિલ્લામાં આ વર્ષે બાલવાટિકામાં ૧૦,૯૭૯, ધો. ૦૧માં ૧૨,૬૪૬ અને ધો. ૦૧માં બાલવાટિકા ઉપરાંતના ૪૧૨, ધો. ૦૬માં ૨૨,૦૮૮, ધો. ૦૯માં ૨૦,૮૭૬, ધો. ૧૬,૦૦૫ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવશે. પ્રતિદિન એક અથવા ૨ પ્રાથમિક અને ૧ માધ્યમિક શાળામાં કાર્યક્રમ યોજાશે.

આ બેઠકમાં અમરેલી જિલ્લા વહીવટીતંત્રના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

---

## 'એકતા આપણી તાકાત છે'નાં નારા સાથે

# અમરેલીમાં TET પરીક્ષાનાં મુદ્દે શિક્ષકો દ્વારા ધરણા કાર્યક્રમ યોજાયો

**જિલ્લાભરમાંથી એક હજારથી વધુ શિક્ષકો જોડાયા**



અમરેલી, તા.૧૭

અમરેલી ખાતે અમરેલી જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા TET પરીક્ષાના વિવિધ પડતર પ્રશ્નો, શિક્ષક સમાજના હક્ક, ગૌરવ અને ભવિષ્ય સાથે જોડાયેલા મુદ્દાઓ અંગે ન્યાય મેળવવા માટે આજે અમરેલી ખાતે લીલીયા રોડ ઉપર આવેલ ભારતી બા ની વાડી ખાતે એક એક દિવસીય ધરણા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

અખિલ ભારતીય પ્રાથમિક શિક્ષક સંઘ પ્રેરિત અને ગુજરાત રાજય પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા માર્ગદર્શિત, અમરેલી જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા આયોજિત આ કાર્યક્રમ અમરેલીના લીલીયા રોડ પર રોકડીયા હનુમાનની બાજુમાં આવેલ 'ભારતીબાની વાડી' ખાતે બપોરે ૨ થી ૫ વાગ્યા દરમિયાન યોજાયો હતો. આ કાર્યક્રમ માત્ર એક વિરોધ પ્રદર્શન ન રહેતા શિક્ષકોની અભૂતપૂર્વ એકતા, શક્તિ અને દ્રઢ સંકલ્પનું પ્રતીક બન્યો હતો.

આજના આ કાર્યક્રમમાં ૧૦૦૦ થી વધુ શિક્ષકોના સિંહનાદથી સમગ્ર અમરેલી ગુંજી ઉઠયું હતું. કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત શિક્ષક સમુદાયને સંબોધિત કરતા જિલ્લા પ્રમુખ ક્રિપાલસિંહ જાડેજા અને મહામંત્રી રસિકભાઈ મહેતાએ, પ્રવીણભાઈ કસવાળાએ જણાવ્યું હતું કે, શિક્ષક હિત એ જ આપણું પરમ ધ્યેય છે અને ન્યાય મેળવવો એ આપણો અધિકાર છે. તેમણે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું કે 'શિક્ષક સમાજ જાગશે, ત્યારે જ ન્યાયનો સૂર્ય ઉગશે'. આ તકે પ્રમુખ અને મહામંત્રીએ શિક્ષકોના ન્યાયીક હક્કો માટે આગામી સમયમાં જો સરકાર દ્વારા યોગ્ય નિર્ણય લેવામાં નહીં આવે, તો સંગઠિત થઈને ધારદાર અને નિર્ણાયક લડત આપવા માટે સે શિક્ષકોને સજજ થવા જાહેર આહવાન કર્યું હતું, જેને તમામ શિક્ષકોએ પ્રચંડ ઉત્સાહ સાથે વધાવી લીધું હતું. 'એકતા આપણી તાકાત છે 'ના બુલંદ નારાઓ સાથે યોજાયેલા આ ધરણા કાર્યક્રમમાં શિક્ષક સમાજની લાગણીઓ, અપેક્ષાઓ અને ન્યાયની માંગણીઓને વધુ મજબૂત ધાર આપવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમ ખૂબ જ શાંતિપૂર્ણ અને શિસ્તબદ્ધ રીતે સંપન્ન થયો હતો અને અંતે તમામ પ્રીતિપાત્ર શિક્ષક મિત્રોનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

આ ધરણા કાર્યક્રમમાં ગુજરાત રાજય પ્રાથમિક શિક્ષક સંઘના કોષાધ્યક્ષ મહેન્દ્રભાઈ વિંછીયા, જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ અમરેલીના પ્રમુખ ક્રિપાલસિંહ જાડેજા, મહામંત્રી રસિકભાઈ મહેતા, પ્રવીણભાઈ કસવાળા તેમજ રાજયના હોદ્દેદાર ભાવનાબેન પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેમની સાથે જિલ્લા તેમજ તાલુકા ઘટક સંઘના વિવિધ હોદ્દેદારો અને ખૂબ જ મોટી સંખ્યામાં શિક્ષક ભાઈઓ અને બહેનોએ ખભેખભા મિલાવીને હાજરી આપી હતી.

---

# લીલીયા મોટા : સરકારી આર્ટસ અને કોમર્સ કોલેજનાં એન.સી.સી. કેડેટની રાષ્ટ્રીય સ્તરે સિદ્ધિ







લીલીયા સરકારી આટર્સ અને કોમર્સ કોલેજ, લીલીયા માટે અત્યંત ગૌરવની બાબત છે કે, કોલેજના હોનહાર એન.સી.સી. કેડેટ ચૌહાણ ક્રિશ રાજુભાઈએ તાજેતરમાં મધ્યપ્રદેશના અમરકંટક ખાતે યોજાયેલ પ્રતિષ્ઠિત "નેશનલ કેમ્પ: સ્પેશિયલ ટ્રેકિંગ કોર્સ" સફળતાપૂર્વક પૂર્ણ કરીને કોલેજનું નામ રાષ્ટ્રીય સ્તરે રોશન કર્યુ છે. કોલેજના આચાર્ય ડો. રાજેન્દ્રસિંહ એ. રાઠોડના નેતૃત્વમાં અને ડો. મહેશ એસ. ગઢિયા (એન.સી .સી.આફિસર) દ્વારા કોલેજના વિદ્યાર્થીઓમાં શૌર્ય, સાહસ અને દેશભક્તિ વિકસાવવા એન.સી.સી. યુનિટ કાર્યરત છે. જેના અનુસંધાને કોલેજના એન.સી.સી. કેડેટ ચૌહાણ ક્રિશ રાજુભાઈએ આ નેશનલ કેમ્પમાં ભાગ લીધેલ હતો. આ વિશેષ રાષ્ટ્રીય ટ્રેનિંગ કેમ્પનું આયોજન તારીખ ૯ જૂનથી ૧૬ જૂન દરમિયાન મધ્યપ્રદેશના પ્રાકૃતિક સૌંદર્યથી ભરપૂર એવા અમરકંટક વિસ્તારમાં કરવામાં આવ્યું હતું. આ કેમ્પનો મુખ્ય ઉદ્દેશ્ય યુવાનોમાં સાહસ, શિસ્ત અને નેતૃત્વના ગુણો વિકસાવવાનો હતો.આ કેમ્પ દરમિયાન કેડેટ ચૌહાણ ક્રિશ રાજુભાઈને વિવિધ સાહસિક પ્રવૃત્તિઓ અને આઉટડોર સ્કીલ્સની સઘન તાલીમ આપવામાં આવી હતી. જેમાં નીચે મુજબના મુખ્ય વિષયોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. જીવનરક્ષક આઉટડોર સ્કીલ્સ: કેડેટસને નેવિગેશન (દિશા–નિર્દેશન), વાઈલ્ડરનેસ સેફટી (જંગલી વિસ્તારોમાં સુરક્ષા અને બચાવ), ટેન્ટ પિચિંગ (તંબુ બાંધવા) અને રૂટ પ્લાનિંગ (માર્ગનું આયોજન) જેવી અત્યંત મહત્વપૂર્ણ અને વ્યવહારૂ બાબતો શીખવવામાં આવી. બેઝિક અને લીડરશીપ કોર્સ: બિગીનર હાઈકિંગ (પ્રાથમિક પદયાત્રા) અને ટ્રેક લીડર કોર્સ દ્વારા નેતૃત્વના પાઠ ભણાવવામાં આવ્યા. પ્રોફેશનલ ટ્રેનિંગ: વ્યાવસાયિક પર્વતારોહણ (Professional Mountaineering) માટેની ખાસ તકનીકો અને કૌશલ્યોથી માહિતગાર કરવામાં આવ્યા. યુથ એડવેન્ચર કેમ્પ: સમર અને યુથ એડવેન્ચર કેમ્પ અંતર્ગત શારીરિક ક્ષમતા અને માનસિક મનોબળ વધારવાની પ્રવૃત્તિઓ કરાવવામાં આવી. એન. સી.સી. કેડેટ ચૌહાણ ક્રિશે આ તમામ કઠિન તાલીમો અને પડકારોનો બખૂબી સામનો કરી ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યુ હતું અને શિબિરને સફળતાપૂર્વક પૂર્ણ કરી હતી. વિદ્યાર્થીની આ ઝળહળતી રાષ્ટ્રીય સિદ્ધિ બદલ કોલેજના આચાર્ય ડો. રાજેન્દ્રસિંહ એ. રાઠોડ તથા કોલેજના એન.સી.સી. આફિસર ડો. મહેશ એસ. ગઢિયા તેમજ સમગ્ર કોલેજ પરિવારે કેડેટ ચૌહાણ ક્રિશ રમેશભાઈને હાર્દિક અભિનંદન અને ઉજજવળ ભવિષ્ય માટે શુભકામનાઓ પાઠવી હતી. કેડેટ ક્રિશની આ સિદ્ધિ કોલેજના અન્ય વિદ્યાર્થીઓ અને યુવાનો માટે પણ પ્રેરણારૂપ બની રહેશે.

નોર્મલ તથા સીઝેરિયન (CS) ડિલીવરી આયુષ્યમાન કાર્ડમાં
તદ્દન મફત
અનુભવી સ્ત્રીરોગ નિષ્ણાંત દ્વારા 24X7 સારવાર ઉપલબ્ધ
24/7 Emergency Services
GUVNL
ડો. ચેતના મુરારકર
MB, DGO (Gynec)
સ્ત્રીરોગ નિષ્ણાંત અને આઈ.વી.એફ. સ્પેશિયાલીસ્ટ
NETRA CHIKITSA TRUST
MULTISPECIALITY HOSPITAL
Managed by Netra Chikitsa Trust - Amreli
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટિસ્પેશિયાલીટી હોસ્પિટલ
ગોળ હોસ્પિટલ કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી-૩૬૫૬૦૧ ગુજરાત.ફોન : (૦૨૭૯૨) ૨૨૦૬૨૦/૨૩૩૯૯૯
એપોઈન્ટમેન્ટ માટે 99789 66629

## વડિયા ખાતે આત્મહત્યા કરનાર ખેડૂતનાં પરિવારજનોને સાંત્વના પાઠવતા ગોપાલ ઈટાલીયા

# હિન્દુત્વનાં નામે ચાલતી સરકાર હિન્દુ ખેડૂતની આત્મહત્યા રોકી ન શકી

**ખેડૂતે આત્મહત્યા કરતાં પહેલાં ભાજપનાં એક અગ્રણીનાં ત્રાસથી આત્મહત્યા કરૂ છું તેવું જણાવ્યું : ધારાસભ્ય**

**ખેડૂતનું મોત થયા બાદ પરિવારજનો અને ગ્રામજનોને ન્યાય માટે દોડવું પડે તે મામલો ગંભીર**

**મૃતક ખેડૂતનાં કૌટુંબિક ભાઈ પણ જમીન બાબતે ખૂબ દુઃખી જોવા મળે છે**

**ધારાસભ્યએ ઉચ્ચ અધિકારીઓ સમક્ષ અનુરોધ કર્યો કે ખેડૂતોની સમસ્યા દૂર કરો**







અમરેલી, તા. ૧૭

વડિયા ગામના ખેડૂત મનસુખભાઈ સોજીત્રાએ આત્મહત્યા કરી હતી અને ગતરોજ આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ગોપાલ ઈટાલીયા, "આપ" પ્રદેશ સંગઠન મંત્રી નિકુંજ સાવલિયા સહિત આગેવાનોએ મૃતક મનસુખભાઈના પરિવારની મુલાકાત લીધી અને તેમને સાંત્વના પાઠવી. ત્યારબાદ ધારાસભ્યએ મીડિયા સમક્ષ પોતાની વાત રજૂ કરતા જણાવ્યું હતું કે, વડિયા ગામના ખેડૂત મનસુખભાઈ સોજીત્રાએ બે દિવસ પહેલા એક વિડીયો બનાવ્યો હતો અને વીડિયોમાં એમણે એવું કહ્યું હતું ભાજપના અમુક નેતાઓના ત્રાસના કારણે તેઓ આત્મહત્યા કરે છે. આ રીતની વાત કરીને તેમણે આત્મહત્યા કરી અને તેઓ આજે આપણી વચ્ચે નથી. ત્યારબાદ સમાજના અને મનસુખભાઈના પરિવારના આગેવાનો વડિયા પોલીસ સ્ટેશને પોલીસ ફરિયાદ કરવા માટે ગયા પણ વડિયા પોલીસ સ્ટેશને પણ

અનુસંધાન પાના ૬ ઉપર

### જિલ્લામાં વધુ એક સિંહબાળનુ મોત

## સાવરકુંડલાનાં મેરિયાણા ગામે વાડીનાં તાર ફેન્સિંગમાં ફસાઈ જવાથી બાળસિંહનું મોત

**વનવિભાગે ઘટના સ્થળે દોડી જઈ તપાસ આદરી**



અમરેલી, તા. ૧૭

અમરેલી જિલ્લામાં સિંહ પરિવાર પર જાણે માઠી બેસી હોય તેમ વધુ એક સિંહબાળના મોતની ઘટના સામે આવી છે. જેમાં સાવરકુંડલા તાલુકાના મેરીયાણા ગામે એક ખેડૂતની વાડીમાં લગાવવામાં આવેલા તાર ફેન્સિંગમાં ફસાઈ જતા અંદાજિત પાચથી છ મહિનાના સિંહબાળનું કરૂણ મોત નિપજતા વનવિભાગ સહિત સ્થાનિકોમાં અરેરાટી વ્યાપી ગઈ છે.

આ બનાવમાં પ્રાપ્ત માહિતી મુજબ મેરીયાણા ગામના ખેડૂત વિજયભાઈ ખાતરણની વાડીમાં ગઈકાલે આ ઘટના બની હતી. વાડીની આસપાસ કરાયેલા તાર ફેન્સિંગમાં સિંહબાળ ફસાઈ જતાં તે ગંભીર રીતે ઘવાયું હતું. અને અંતે તેનું મોત થયું હોવાનું પ્રાથમિક તપાસમાં સામે આવ્યું

અનુસંધાન પાના ૬ ઉપર

### તાલુકા પોલીસની કામગીરી

## સાવરકુંડલા : વડાળ ગામે પાણાખાણ વિસ્તારમાં જુગાર રમતાં ૬ આરોપી ઝડપાયા

**રૂપિયા ૨૫,૩૦૦નો મુદ્દામાલ કબ્જે કર્યો**

અમરેલી, તા. ૧૭

સાવરકુંડલા તાલુકાના વડાળ ગામે રહેતા સુરેશભાઈ કાળુભાઈ જાદવ સહિત આઠ ઈસમો ગત તા. ૧૬ના રોજ રાત્રે ૧:૧૫ વાગ્યે નાની વડાળ ગામે પાણાખાણ નામની સીમવિસ્તારમાં બીડમાં જાહેરમાં હાથબતીના અંજવાળે પૈસા તથા પાના વડે તીન પત્તીનો હારજીતનો જુગાર રમતા હોય આ સાવરકુંડલા રૂરલ પોલિસને બાતમી મળતા દરોડો પાડી રોકડા રૂપિયા ૧૦,૨૦૦ તથા હાથબતી નંગ–૧ની તથા એક સિલ્વર કલરનું મોટર સાયકલ નંબર જીજે–૦૪–બીપી ૪૧૮૧ જેની કીમત રૂપિયા ૧૫૦૦૦ મળી કુલ રૂા. ૨૫,૩૦૦ના મુદામાલ સાથે ૬ આરોપી પકડાઈ જઈ તેમજ બે નાસી જતા તેમની શોધખોળ આદરી છે.

### બાબરા પોલીસે સપાટો બોલાવ્યો

## કોટડાપીઠા ગામની સીમમાંથી વિવિધ બ્રાન્ડની દારૂની ૧૩૨૦ બોટલ ઝડપાઈ

**દરોડો પડતાં બે આરોપીઓ નાસી છુટયા**



બાબરા, તા. ૧૭

અમરેલી જિલ્લામાં દારૂ અને ગુનાહિત પ્રવૃત્તિઓ સામે ચાલી રહેલી ઝુંબેશ અંતર્ગત બાબરા પોલીસને વધુ એક મોટી સફળતા હાથ લાગી છે. કોટડાપીઠા ગામની સીમમાંથી પોલીસે લાખો રૂપિયાના વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડતાં બુટલેગરોમાં ફફડાટ ફેલાયો છે.

તપાસ દરમિયાન વાડીમાંથી "ફોર સેલ ઈન પંજાબ ઓનલી" લખાયેલ વિવિધ બ્રાન્ડની કુલ ૧૩૨૦ બોટલ વિદેશી દારૂ મળી આવ્યો હતો. જેમાં રોયલ ચેલેન્જ ફાઈન રિઝર્વ વ્હિસ્કીની ૯૨૪ બોટલ તથા ઓલ સીઝન ગોલ્ડ કલેકશન રિઝર્વ વ્હિસ્કીની ૩૯૬ બોટલ મળી કુલ રૂા. ૯,૩૫,૭૫૮/–નો પ્રોહિબિશન મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો હતો.

પ્રાથમિક તપાસમાં આ દારૂનો જથ્થો પ્રવિણભાઈ મેપાભાઈ ચૌહાણ અને મહાવીરભાઈ જગુભાઈ પટગીર, બંને રહે. કોટડાપીઠા દ્વારા ભાગીદારીમાં સંગ્રહ કરી વેચાણ અને હેરફેર માટે રાખવામાં આવ્યો હોવાનું સામે આવ્યું છે. જોકે દરોડા સમયે બંને આરોપીઓ સ્થળ પરથી ફરાર થઈ જતાં પોલીસે તેમની સામે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

આ કામગીરી બાબરા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર આર.આર. પરમારના માર્ગદર્શન હેઠળ કોટડાપીઠા આઉટ પોસ્ટના પોલીસ સ્ટાફ દ્વારા સફળતાપૂર્વક પાર પાડવામાં આવી હતી. પોલીસની આ કામગીરીને કારણે વિસ્તારમાં ગેરકાયદે દારૂના ધંધા સાથે સંકળાયેલા તત્વોમાં ચિંતા વ્યાપી ગઈ છે.

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
1,37,900/-
(૧૦ ગ્રામ)
રહેલ તા. ૧૭/૦૬/૨૦૨૬ ના રોજ
હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે વોટ્સએપ ડીપી જોવો
63549 73131
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

Sheetal ICE CREAM
WE ARE HIRING
JOIN INDIA'S MOST TRUSTED FMCG BRAND
• Namkeen Sales HOD - 1 (1 to 3 Year experience in FMCG)
• Liaisonig Officer - 1
• Sales & Marketing Officer - 3 (Ice Cream / Milk / Snacks)
• Reporting Manager - 1
• Sales Co - Ordinator - 1
• Trainer - 1
Location : Amreli, Gujarat.
hrscpl1987@gmail.com
+91 95109 59957
APPLY NOW

શહેરમાં શ્રેષ્ઠ, સ્વાદમાં સર્વશ્રેષ્ઠ એકમાત્ર સ્થળ
The King of catering service
શ્યામ કેટરર્સ
અરજણભાઈ પટેલ મો. ૯૮૨૫૦ ૫૯૭૮૩
જયેન્દ્ર પટેલ મો. ૯૯૮૭૦ ૪૭૨૯૫
SHYAM Caterers
સ્પે. ગુજરાતી થાળી
શુધ્ધ ઘી માં તરબોળ ડ્રાયફુટ ચુરમાનાં લાડુ
શીંગતેલમાં રજવાડી ઉંધીયુ
અમારી સ્પે.બે પડવાળી રોટલી
શ્યામ ડાઈનીંગ હોલ એ.સી.હોલ
પાર્સલ સુવિધા ઉપલબ્ધ MO.80000 86331
સ્થળ : એસ.ટી. ડેપો સામે, પહેલા માળે, અમરેલી-૩૬૫૬૦૧ ફોન : (૦૨૭૯૨) ૨૩૩૪૪૫

LG Life's Good.
Explore the new range of Single Door Refrigerators
Nature Series
SPRING
224 L (D23)
210 L (D22)
Available in: Base Stand & Non-Base Stand
Color options: Wine Royal
LG BEST SHOP
મુકુંદરાય એન્ડ બ્રધર્સ
કારકેર સેન્ટર સામે, ચક્કરગઢ રોડ, અમરેલી
Mo.94081 59606 / 99747 72377
VISIT LG BEST SHOP FOR ATTRACTIVE CASH BACK

*પીઆરબી એક્ટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)